


# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PRGI No. GUJGUJ/2008/26148

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 243
Dt.: 15-05-2026,
Friday
Page : 04
Rs.00.50 paisa


### ૪૨ મહિનાનો રેકોર્ડ તોડ્યો

# મોંઘવારીનો મોટો વિસ્ફોટ, એપ્રિલમાં જથ્થાબંધ ફુગાવો ૮.૩૦% પર પહોંચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં મોંઘવારીનું દબાણ હવે ઝડપથી વધતું દેખાઈ રહ્યું છે. એપ્રિલ ૨૦૨૬માં દેશનો જથ્થાબંધ મોંઘવારી દર એટલે કે **WPI** વધીને ૮.૩૦ ટકા પર પહોંચી ગયો છે. જ્યારે માર્ચમાં આ આંકડો ૩.૮૮ ટકા હતો. આ છેલ્લા ૪૨ મહિના એટલે કે અંદાજે સાડા ત્રણ વર્ષનું સૌથી ઊંચું સ્તર માનવામાં આવી રહ્યું છે, જેનાથી આગામી સમયમાં રોજબરોજની ચીજવસ્તુઓની કિંમતો પર વધુ અસર પડી શકે છે.

આ વધારામાં સૌથી મોટું યોગદાન ઈંધણ સેક્ટરનું રહ્યું છે. **Fuel & Power** મોંઘવારી માર્ચના ૧.૦૫ ટકાથી ઉછળીને એપ્રિલમાં ૨૪.૭૧ ટકા સુધી પહોંચી ગઈ છે. તે જ સમયે, કાચા તેલની જથ્થાબંધ મોંઘવારી ૮૮ ટકાથી ઉપર નોંધાઈ છે.

પેટ્રોલની કિંમતોમાં ૩૨.૪૦ ટકા અને ડીઝલમાં ૨૫.૧૯ ટકાના વધારાએ પણ મોંઘવારીના દબાણને વધુ વધારી દીધું છે. **LPG** ની કિંમતોમાં પણ ૧૦.૯૨ ટકાનો વધારો નોંધાયો છે. આ આંકડાઓથી સ્પષ્ટ જણાય છે કે, સામાન્ય લોકો પર મોંઘવારીનું દબાણ સતત વધી રહ્યું છે.

## ઈરાન સંકટ અને ખાડી દેશોમાં તણાવને કારણે કાચા તેલની કિંમતોમાં જે ઉછાળો આવ્યો તેની સીધી અસર આ આંકડાઓમાં દેખાઈ રહી છે

પ્રાઈમરી આર્ટિકલ્સની મોંઘવારી માર્ચના ૬.૩૬ ટકાથી વધીને એપ્રિલમાં ૯.૧૭ ટકા થઈ ગઈ. મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સમાં મોંઘવારી ૩.૩૯ ટકાથી વધીને ૪.૬૨ ટકા રહી.

સરકારે અત્યાર સુધી પેટ્રોલ, ડીઝલ અને ઘરેલુ **LPG**ની કિંમતોને સ્થિર રાખી છે જેથી સામાન્ય લોકોને રાહત મળી શકે. જોકે, કોમર્શિયલ **LPG** સિલિન્ડરની કિંમતોમાં વધારો કરવામાં આવ્યો છે. અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે જો વૈશ્વિક સ્તરે તેલની કિંમતો સ્થિર નહીં થાય, તો આગામી મહિનાઓમાં જથ્થાબંધ અને છૂટક મોંઘવારી બંને પર દબાણ વધી શકે છે. **Core WPI** એટલે કે ખોરાક અને ઈંધણને બાદ કરતાં બાકીની વસ્તુઓની મોંઘવારી ૫ ટકા પર પહોંચી ગઈ છે, જે ૪૩ મહિનાનું ઊંચું સ્તર છે. માર્ચમાં તે ૩.૭ ટકા હતી. રાહતની વાત એ છે કે ખાવા-પીવાની વસ્તુઓ બહુ મોંઘી થઈ નથી. **Food Inflation** માર્ચના ૧.૮૫ ટકાથી વધીને માત્ર ૨.૩૧ ટકા રહી. ડુંગળી અને બટાકાના ભાવ જથ્થાબંધ બજારમાં હજુ પણ ગયા વર્ષ કરતા નોંધપાત્ર રીતે નીચે છે. **DPIIT** મુજબ, મે મહિનાના **WPI** આંકડા ૧૫ જૂને જાહેર કરવામાં આવશે.

માર્ચની સરખામણીએ એપ્રિલમાં ઈંધણ અને પાવર જૂથમાં મોંઘવારી દર ૧૮.૨૨ ટકા વધ્યો છે. જોકે, વીજળીના ભાવમાં ૨.૫૩ ટકાનો ઘટાડો થતાં સામાન્ય રાહત મળી છે. એપ્રિલમાં ફૂડ ઈન્ડેક્સ (અનાજ, કઠોળ અને ઉત્પાદિત ખાદ્ય ચીજો)માં માર્ચની સરખામણીએ ૨.૩૧ ટકાનો વધારો થયો છે. જ્યારે માર્ચ મહિનામાં ખાદ્ય મોંઘવારી દર ૧.૮૫ ટકા પર સ્થિર રહ્યો હતો. જથ્થાબંધ ભાવ સૂચકાંકમાં ૬૪.૨૩ ટકા હિસ્સો ધરાવતા મેન્યુફેક્ચરિંગ ઉત્પાદનોની મોંઘવારીમાં એપ્રિલમાં ૧.૪ ટકાનો વધારો થયો છે. આ જૂથની ૨૨માંથી ૨૧ પ્રોડક્ટ્સના ભાવમાં વધારો જોવા મળ્યો છે.



બીજી તરફ, ગ્રાહક ભાવ સૂચકાંક **(CPI)** પર આધારિત ભારતનો છૂટક મોંઘવારી દર એપ્રિલમાં ૩.૪૮ ટકા નોંધાયો છે. વૈશ્વિક સ્તરે ક્રૂડના ભાવ વધવા છતાં વીજળી, ગેસ અને અન્ય ઈંધણ માટેનો ફુગાવો ૧.૭૧ ટકાના નીચા સ્તરે જળવાઈ રહ્યો છે. નિષ્ણાતોના મતે, જો પશ્ચિમ એશિયામાં તણાવ લાંબો સમય ચાલશે, તો આવનારા દિવસોમાં પરિવહન ખર્ચ વધવાને કારણે સામાન્ય જનતાના ખિસ્સા પર વધુ બોજ પડી શકે છે.

# આખરે કેરલમને મળ્યા નવા મુખ્યમંત્રી: કોંગ્રેસે વી.ડી સતીશનના નામ પર લગાવી મહોર, કે.સી વેણુગોપાલનું પત્તુ કપાયું

### કેરલમમાં આખરે ૧૦ દિવસની ભારે માથાપચ્ચી પછી નવા મુખ્યમંત્રી કોણ બનશે એ ખુલાસો થઈ ગયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેરલમમાં આ વખતે વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના નેતૃત્વવાળું ગઠબંધન જીતી ગયું પરંતુ પરિણામો જાહેર થયા બાદ રાજ્યમાં મુખ્યમંત્રી કોણ બનશે તેના વિશે ગડમથલ ચાલતી હતી. આખરે કોંગ્રેસ પાર્ટી તરફથી ગુરુવારે નામ ફાઈનલ કરાયું. કેરલમના એઆઈસીસી પ્રભારી દીપા દાસમુન્શીએ વીડી સતીશનના નામની જાહેરાત કરી. સતીશનના નામની પસંદગીથી સ્પષ્ટ છે કે કોંગ્રેસ મહાસચિવ કેસી વેણુગોપાલનું પત્તું કપાઈ ગયું. અત્રે જણાવવાનું કે કેરલમ વિધાનસભા ચૂંટણીના પરિણામો ૪ મેના રોજ પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, અસમ અને પુડુચેરીના પરિણામો સાથે જ જાહેર થયા હતા. પરંતુ કેરલમાં મુખ્યમંત્રીનું નામ ફાઈનલ થવામાં ભારે માથાપચ્ચી ચાલતી હતી. આ ખેંચતાણનું કારણ એ હતું કે કોંગ્રેસની અંદર જ મુખ્યમંત્રી પદની રેસમાં ત્રણ દાવેદાર હતા. જેમાં વીડી સતીશન ઉપરાંત કે સી વેણુગોપાલ અને રમેશ ચેન્નિથલાના નામ પણ રેસમાં હતા. ત્રણેયના સમર્થકો પોતાના તરફથી જોર લગાવતા હતા. કોંગ્રેસ વિધાયક દળના મોટાભાગના સભ્યો કથિત રીતે



વેણુગોપાલને મુખ્યમંત્રી બનાવવા માંગતા હતા. પરંતુ એઆઈસીસી મહાસચિવ સતીશનને ૨૦૨૨માં પાર્ટીની ચૂંટણી હાર બાદ છેલ્લા પાંચ વર્ષમાં પાર્ટીના મુખ્ય ચહેરા તરીકે ઉભર્યા બાદ વ્યાપક જનસમર્થન મળેલું હતું. એટલે કે કાર્યકરો તેમને પસંદ કરે છે. આ રસાકસીને ખતમ કરવા માટે અલગ અલગ મંથન ચાલતું હતું. ગુરુવારે જ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ કેરલમના મુખ્યમંત્રી પદના ઉમેદવારના નામની જાહેરાત કરતા પહેલા પાર્ટીના ટોચના નેતાઓ સાથે ફાઈનલ ચર્ચા કરી હતી. છેલ્લા પાંચ વર્ષમાં કોંગ્રેસના નેતૃત્વવાળા ગઠબધન **(UDF)**ને મજબૂત કરવામાં વીડી સતીશનની ભૂમિકા મહત્વની ગણાઈ રહી છે. કોંગ્રેસ હાઈ કમાને પ્રદેશ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષો, સ્થાનિક નોતાઓની સાથે સાથે ઘટક પક્ષોનો પણ અભિપ્રાય લીધો. બરાબર ૧૫ દિવસ પહેલા કોંગ્રેસના નેતૃત્વવાળા યુડીએફના મહત્વપૂર્ણ ઘટક પક્ષ ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ **(IUML)**એ વી ડી સતીશનને સીએમ બનાવવાની માંગણી કરી હતી. તેમનું કહેવું હતું કે લોકોની ભાવનાઓ તેમની સાથે જોડાયેલી છે. આ એક પ્રકારે તેમનો સતીશનને ખુલ્લો સપોર્ટ હતો. લેફ્ટની પાછલી સરકારમાં વી ડી સતીશન વિધાનસભામાં વિપક્ષના નેતા હતા અને તેમણે સરકારને ઘેરવામાં કોઈ કસર છોડી નહતી. આથી તેમની એક અલગ ઈમેજ બની. તેમનો જન્મ ૩૧ મે ૧૯૬૪ના રોજ કોચ્ચિના નેટ્ટુરમાં એક નાયર પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ દામોદરા મેનન અને માતાનું નામ વી. વિલાસિની હતું. તેમણે પોસ્ટ ગ્રેજ્યુએશન સોશિયલ સાયન્સમાં કર્યું છે. તિરુવનંતપુરમથી તેમણે માસ્ટર ઑફ લૉની ડિગ્રી લીધી હતી. ૧૯૮૬-૮૭માં તેઓ મહાત્મા ગાંધી યુનિવર્સિટી યુનિયનના અધ્યક્ષ બન્યા હતા. તે રાષ્ટ્રીય વિદ્યાર્થી સંઘના સચિવ તરીકે પણ ફરજ બજાવી ચૂક્યા છે. ૧૯૯૬માં તેમની રાજકીય કારકિર્દી શરૂ થઈ હતી. પહેલીવાર કેરલમની વિધાનસભા ચૂંટણીમાં તેઓ સીપીઆઈના ઉમેદવાર સામે હારી ગયા હતા. ત્યારબાદ સતીશન પહેલીવાર ૨૦૦૧માં કેરલમ વિધાનસભામાં ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. તેઓ તે સમયે હાઈકોર્ટમાં વકીલ તરીકે પ્રેક્ટિસ કરી રહ્યા હતા. જોકે ૨૦૨૧માં તેઓ પરાવુર વિસ્તારથી સતત પાંચમી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા.

### શેલ કંપનીઓ મારફતે મોટાપાયે છેતરપિંડી

# અમેરિકામાં OPT વિઝા ગેરરીતિ, ભારતીય સહિત ૧૦,૦૦૦ વિદેશી વિદ્યાર્થીઓ રડારમાં

### કેટલાક કેસોમાં અમેરિકામાં નોંધાયેલી કંપનીઓનું સંપૂર્ણ મેનેજમેન્ટ ભારતમાંથી થતું હોવાનું સામે આવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકાના ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) એ ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) કાર્યક્રમ હેઠળ કામ કરતા લગભગ 10 હજાર વિદેશી વિદ્યાર્થીઓ સામે તપાસ શરુ કરી છે. તેમાં ભારતીય વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. અમેરિકન અધિકારીઓના જણાવ્યા મુજબ અનેક વિદ્યાર્થીઓ એવી કંપનીઓ સાથે જોડાયેલા જોવા મળ્યા છે, જ્યાં હકીકતમાં કોઈ કામગીરી જ ચાલતી નહોતી.ટોડ લિઓન્સે OPT કાર્યક્રમને ગેરરીતિઓ માટેનું કેન્દ્ર ગણાવ્યો હતો. રિપોર્ટ મુજબ, તપાસ દરમિયાન અધિકારીઓને ઘણા સરનામાં પર બંધ બિલ્ડિંગ, ખાલી ઓફિસ અથવા રહેણાંક મકાનો મળ્યા હતા. કેટલાક સરનામાં પર એક જ જગ્યાએ અનેક કંપનીઓ નોંધાયેલ હોવાનું પણ બહાર આવ્યું છે. ટેક્સાસ સહિતના વિસ્તારોમાં કરાયેલી સાઈટ વિઝિટ દરમિયાન ઘોસ્ટ ઓફિસ અને શેલ કંપનીઓ સામે આવી હતી. કેટલાક કેસોમાં અમેરિકામાં નોંધાયેલી કંપનીઓનું મેનેજમેન્ટ ભારતમાંથી થતું હોવાનું સામે આવ્યું હતું. OPTના નિયમો મુજબ તાલીમ અને દેખરેખ અમેરિકામાં જ હોવી જોઈએ. કેટલીક કંપનીઓ પાસે માત્ર ત્રણ કર્મચારીઓ હતા. પરંતુ, રેકોર્ડમાં 500થી વધુવિદ્યાર્થીઓ જોડાયેલા જોવા મળ્યા. OPT કાર્યક્રમ અમેરિકામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વર્ક વિઝા તરફ જવાનો મહત્વનો માર્ગ માનવામાં આવે છે. આંકડા મુજબ છેલ્લા વર્ષોમાં 68 હજારથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ OPT હેઠળ અમેરિકામાં કામ કરતા હતા. એમેઝોન, ગૂગલ, માઈક્રોસોફ્ટ અને ડેલોઈટ જેવી મોટી કંપનીઓ OPTઉમેદવારોને નોકરી આપતી રહી છે. તપાસ દરમિયાન વિઝા ગેરરીતિ ઉપરાંત નાણાકીય ગેરવહીવટ અને સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પણ સામે આવ્યા છે. જોકે કેટલા ભારતીય વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી થશે તેની માહિતી જાહેર કરાઈ નથી.આ મામલા બાદ ઘણા રિપબ્લિકન નેતા કાર્યક્રમ પર નિયંત્રણ કડક કરવાની માંગ કરી રહ્યા છે, જ્યારે ટેક ઉદ્યોગ અને યુનિવસટીઓ તેને આંતરરાષ્ટ્રીય પ્રતિભા માટે મહત્વપૂર્ણ ગણાવી રહ્યાં છે.

# ૧૬ રાજ્યો અને ૩ કેન્દ્રશાસિત પ્રદેશોમાં હાથ ધરાશે SIR

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ચૂંટણી પંચે મોટો નિર્ણય લેતા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન **(SIR)**ના ત્રીજા ફેઝની જાહેરાત કરી છે. ૧૬ રાજ્યો અને ૩ કેન્દ્રશાસિત પ્રદેશોમાં **SIR**ની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ચૂંટણી પંચે કહ્યું કે આ **SIR** રાજ્યોમાં તબક્કાવાર કરવામાં આવશે. ત્રીજા તબક્કામાં **SIR**માં હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર તથા લદાખને બાદ કરતા લગભગ સમગ્ર દેશને આવરી લેશે. આ ત્રણ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે એસઆઈઆર કાર્યક્રમની જાહેરાત પાછળથી કરાશે. એસઆઈઆરમાં દિલ્હી પણ કવર થશે જેનું ફાઈનલ ઈલેક્ટોરલ રોલ (છેલ્લી મતદાર યાદી) ૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સામે આવશે.

આ રાજ્યોમાં હાથ ધરાશે એસઆઈઆર : ઓડિશા, મિઝોરમ, સિક્કીમ, મણિપુર, ઉત્તરાખંડ, આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, હરિયાણા, ચંડીગઢ, તેલંગણા, પંજાબ, કર્ણાટકા, દાદરા અને નગર હવેલી, મેઘાલય, મહારાષ્ટ્ર, ઝારખંડ, દિલ્હી, નાગાલેન્ડ, ત્રિપુરા.

**SIR**ના ત્રીજા તબક્કા દરમિયાન ૩.૯૪ લાખથી વધુ **BLOs** ઘરે ઘરે જઈને ૩૬.૭૩ કરોડ મતદારોને મળશે. જેમાં તેમને ૩.૪૨ લાખ બૂથ સ્તરના એજન્ટ **(BLAs)** મદદ કરશે.

# ભારત હવે દુનિયાને ખાંડની નિકાસ નહિ કરે, મૂક્યો પ્રતિબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારે દેશમાં ખાંડનો પુરવઠો જાળવી રાખવા માટે એક મોટો નિર્ણય લીધો છે. એક જાહેરનામું બહાર પાડીને, સરકારે તાત્કાલિક ખાંડની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે. આ પ્રતિબંધ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી અથવા આગામી આદેશો સુધી અમલમાં રહેશે. આ જાહેરનામામાં કાચી ખાંડ, સફેદ ખાંડ અને શુદ્ધ ખાંડનો સમાવેશ થાય છે. આ સરકારી પગલું એવા સમયે આવ્યું છે જ્યારે સ્થાનિક બજારમાં ખાંડના ભાવ પર દબાણ વધી રહ્યું છે. નિકાસ પ્રતિબંધથી દેશમાં પુરવઠો સુધરશે અને કિંમતો નિયંત્રણમાં રહેશે.આ પ્રતિબંધ **CXL** અને **TRQ** ક્વોટા હેઠળ, એડવાન્સ ઓથોરાઈઝેશન સ્કીમ **(AAS)** હેઠળ અને અન્ય દેશોની ખાદ્ય સુરક્ષા જરૂરિયાતોને પહોંચી વળવા માટે સરકાર-થી-સરકાર શિપમેન્ટ દ્વારા **EU** અને **USA** ને ખાંડની નિકાસ પર લાગુ પડતો નથી. નિકાસની પ્રક્રિયામાં પહેલાથી જ રહેલા શિપમેન્ટને પણ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે.બ્રાઝિલ પછી ભારત વિશ્વનો બીજો સૌથી મોટો ખાંડ નિકાસકાર દેશ છે. ભારતે મિલોને ૧.૫ મિલિયન મેટ્રિક ટન ખાંડની નિકાસ કરવાની મંજૂરી આપી હતી, જેના કારણે સ્થાનિક માંગ કરતાં ઉત્પાદન વધુ થવાની ધારણા હતી.




### શાળાઓમાં હવે હિજાબ અને જનોઈ જેવા પ્રતીકો પહેરી શકાશે

# કર્ણાટકે હિજાબ પરનો પ્રતિબંધ હટાવ્યો, ધાર્મિક પ્રતીકોને મંજૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

કર્ણાટક સરકારે વર્ષ ૨૦૨૨ના વિવાદાસ્પદ 'યુનિફોર્મ ઓર્ડર'ને પાછો ખેંચીને રાજ્યની શાળાઓ અને પ્રી-યુનિવર્સિટી કોલેજોમાં હિજાબ અને જનોઈ જેવા ધાર્મિક પ્રતીકો ધારણ કરવાની મંજૂરી આપી છે. બુધવારે જાહેર કરાયેલા નવા સરકારી આદેશ મુજબ, હવે વિદ્યાર્થીઓ નિયત ગણવેશની સાથે મર્યાદિત પરંપરાગત અને ધાર્મિક પ્રતીકો પહેરી શકશે.આ નવા આદેશમાં હિજાબ (માથા પરનો સ્કાફ), જનોઈ, શિવધારા, રુદ્રાક્ષ અને શરાવસ્ત્ર જેવા પ્રતીકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. શરત માત્ર એટલી છે કે આ પ્રતીકો શિસ્ત, સુરક્ષા અથવા વિદ્યાર્થીની ઓળખમાં અવરોધરૂપ ન બનવા જોઈએ. કર્ણાટક સરકારે સ્પષ્ટ કર્યું છે કે માત્ર આવા પ્રતીકો પહેરવાને કારણે કોઈ પણ વિદ્યાર્થીને શૈક્ષણિક સંસ્થા, વર્ગખંડ કે પરીક્ષાખંડમાં પ્રવેશતા રોકી શકાશે નહીં. આ નિર્ણય દ્વારા પાંચમી ફેબ્રુઆરી, ૨૦૨૨ના તે આદેશને રદ કરવામાં આવ્યો છે, જેના કારણે દેશભરમાં હિજાબ વિવાદ વકર્યો હતો.

નવી માર્ગદર્શિકા મુજબ, શાળાઓ પોતાના ગણવેશના નિયમો ચાલુ રાખી શકશે, પરંતુ વિદ્યાર્થીઓને ગણવેશની સાથે 'પૂરક' તરીકે પરંપરાગત પ્રતીકો પહેરવાની છૂટ રહેશે.

જોકે, આ પ્રતીકો ગણવેશના મૂળ હેતુને બદલી શકશે નહીં. કર્ણાટક સરકારે જણાવ્યું છે કે, કોઈ પણ વિદ્યાર્થીને આવા પ્રતીકો પહેરવા માટે મજબૂર કરી શકાશે નહીં, તેમ જ તેમને પહેરતા રોકી પણ શકાશે નહીં.




## તંત્રી લેખ......

### પેપર લીક અટકાવવું અશક્ય નથી

દેશની સૌથી પ્રતિષ્ઠિત પરીક્ષાઓમાંની એક, નીટના લીકને કારણે આખી પરીક્ષા રદ થઈ ગઈ. આ પેપર લીક કૌભાંડે લાખો યુવાનોના સપના અને તેમના માતાપિતાના વિશ્વાસને ચકનાચૂર કરી નાખ્યો. નીટ રદ થતાં, ૨.૨ મિલિયનથી વધુ વિદ્યાર્થીઓએ ફરીથી પરીક્ષા આપવી પડશે. આ વિદ્યાર્થીઓ અને વાલીઓની વેદનાની કલ્પના કરવી સહેલી છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી ફરી એકવાર નિષ્ફળ ગઈ છે તે દુઃખદ છે. એ નોંધવું જોઈએ કે ૨૦૨૪ માં, નીટમાં ગેરરીતિઓને કારણે કેટલાક કેન્દ્રો પર પરીક્ષા રદ કરવી પડી હતી અને ફરીથી યોજવી પડી હતી.આ ફક્ત એક જ પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક થવાનું નથી, પરંતુ દેશની પ્રતિભા અને ભવિષ્ય સાથે રમાયેલી ક્રૂર મજાક છે. શું પારદર્શક પરીક્ષા પ્રણાલી વિકસાવવી ખરેખર અશક્ય છે? પેપર લીક માફિયા સારી રીતે જાણે છે કે થોડા દિવસો હોબાળો થશે, તપાસની જાહેરાત થશે, વિરોધ થશે અને પછી બધું શાંત થઈ જશે. આનો લાભ લઈને, આવા ગુનેગારો નિર્ભયતાથી આગામી પરીક્ષામાં પાસ થવાની તૈયારી કરે છે. આપણે ઝછ્ જેવી પરીક્ષાઓ પર પણ ધ્યાન આપવું જોઈએ, જે લાખો વિદ્યાર્થીઓને આકર્ષે છે, છતાં પેપર લીક થવાની લગભગ કોઈ ઘટના બનતી નથી. વાસ્તવિક સમસ્યા મેનેજમેન્ટની નથી, પરંતુ 'મૂડી'ની છે જે મેડિકલ પ્રવેશ પરીક્ષાઓની આસપાસ ફરે છે. મેડિકલ કોલેજોમાં, ખાસ કરીને ખાનગી સંસ્થાઓમાં, કરોડો અને અબજો રૂપિયાનો સમાવેશ થાય છે. જ્યારે આટલા પૈસા દાવ પર લાગે છે, ત્યારે શક્તિશાળી વ્યક્તિઓ અને પ્રભાવશાળી નેટવર્ક સક્રિય થઈ જાય છે. કદાચ આ જ કારણ છે કે મેડિકલ પ્રવેશ પરીક્ષાના પેપર લીક અટકાવવાને એટલી ગંભીરતાથી લેવામાં આવતી નથી જેટલી તે લાયક છે. જિલ્લા સ્તરના ટ્રેઝરી અને પછી પરીક્ષા કેન્દ્રોમાં પ્રશ્નપત્રો તૈયાર કરવા, છાપવા અને પહોંચાડવાની વર્તમાન સિસ્ટમમાં એટલી બધી સરકારી અને બિન-સરકારી સંસ્થાઓનો સમાવેશ થાય છે કે તેને ફૂલપ્રૂફ બનાવવી મુશ્કેલ છે. આ સિસ્ટમમાં કોઈપણ નબળી કડી નાણાકીય અથવા બળ દ્વારા ગમે ત્યારે તોડી શકાય છે. જો આપણે પેપર લીકની સમસ્યાનો કાયમી ઉકેલ ઈચ્છતા હોઈએ, તો વર્તમાન સિસ્ટમમાં ધરમૂળથી ફેરફારો કરવા જોઈએ. બજેટ બનાવવાની પ્રક્રિયા એક ઉત્તમ ઉદાહરણ છે. જેમ કેન્દ્રીય બજેટ રજૂ થાય તેના એક અઠવાડિયા પહેલા નાણા મંત્રાલયના સંબંધિત અધિકારીઓને ક્વોરેન્ટાઇન કરવામાં આવે છે, તેવી જ રીતે અહીં પણ એક સમાન મોડેલ અપનાવવું જોઈએ. પરીક્ષાના ત્રણથી ચાર દિવસ પહેલા, ૧૦-૧૨ નિષ્ણાતોને ગુપ્ત અને સુરક્ષિત સ્થળે ભેગા કરવા જોઈએ. તેમણે ઓછામાં ઓછા ૨૦ અલગ અલગ પ્રશ્નપત્રોના સેટ તૈયાર કરવા જોઈએ, જેમાં બધા પ્રશ્નો સમાન ગુણ ધરાવતા હોય. ધારો કે એક પરીક્ષા ૧૦૦ પ્રશ્નો પૂછવાની છે, તો ૨૦ પ્રશ્નપત્રોના સેટના આધારે ૨,૦૦૦ પ્રશ્નોની એક મોટી પ્રશ્ન બેંક બનાવવી જોઈએ. પરીક્ષાના માત્ર બે થી ત્રણ કલાક પહેલા, કમ્પ્યુટરે આ ૨,૦૦૦ પ્રશ્નોમાંથી ૧૦૦ પ્રશ્નો રેન્ડમલી પસંદ કરવા જોઈએ. એક પીડીએફ ફાઈલ તાત્કાલિક જનરેટ કરવી જોઈએ અને પાસવર્ડ અને ડિજિટલ સુરક્ષા સાથે બધા કેન્દ્રોને ઈમેઈલ કરવી જોઈએ. આ પ્રક્રિયાનો સૌથી મોટો ફાયદો એ છે કે પરીક્ષા શરૂ થાય તે પહેલાં કોઈને પણ, પરીક્ષા આયોજક સંસ્થાના વડાને પણ ખબર નહીં પડે કે કયા પ્રશ્નો આવશે. માહિતી વિના, લીક થવાની શક્યતા આપમેળે દૂર થઈ જશે. એવી દલીલ કરી શકાય છે કે પ્રિન્ટરની નિષ્ફળતા અથવા વીજળી ગુલ થવાને કારણે કેટલાક પરીક્ષા કેન્દ્રો પર પ્રશ્નપત્ર છાપવામાં સમસ્યા થઈ શકે છે. ઉકેલ એ છે કે દરેક પરીક્ષા કેન્દ્ર પર ટ્રિપલ બેકઅપ પ્રિન્ટર અને જનરેટર રાખવા જોઈએ, ફક્ત ડબલ નહીં, જેથી જો એક નિષ્ફળ જાય, તો બીજો તરત જ પ્રશ્નપત્ર છાપી શકે, અને જો બીજો નિષ્ફળ જાય, તો ત્રીજો કરી શકે.

### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી જુન-૨૦૨૬માં નવી દિલ્હીમાં યોજાશે પ્રથમ ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ સમિટ

# ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ સમિટ-૨૦૨૬ની સૌપ્રથમ પ્રથમ પ્રિ-ઈવેન્ટનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વર્ચ્યુઅલ માધ્યમથી પ્રારંભ કરાવ્યો

### કેન્દ્રીય વન પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવ-રાજ્યના વન મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા-રાજ્યમંત્રી શ્રી પ્રવીણકુમાર માળી-સાસણગીર ખાતે સમિટમાં પ્રત્યક્ષ સહભાગી થયા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, એશિયાટીક લાયન-ગીરના સાવજના જતન-સંવર્ધન અને સંરક્ષણના સફળ પરિણામદાયી પ્રયાસોથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "વિકાસ ભી, વિરાસત ભી"નો મંત્ર સાકાર કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ ભારત સરકારના પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા IBCA સમિટ ભારત-૨૦૨૬ના પૂર્વાર્ધરૂપે સાસણ ગીરમાં યોજાઈ રહેલી સૌપ્રથમ પ્રિ-ઈવેન્ટ ઓન લાયન કન્ઝર્વેશનનો ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમથી પ્રારંભ કરાવ્યો હતો. કેન્દ્રીય વન પર્યાવરણ મંત્રીશ્રી ભૂપેન્દ્ર યાદવ, રાજ્યના વન મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, રાજ્યમંત્રી શ્રી પ્રવીણકુમાર માળી આ પ્રિ-ઈવેન્ટમાં સાસણગીર ખાતે પ્રત્યક્ષ સહભાગી થયા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આગામી તા.૧ અને ૨ જૂનના દિવસોએ નવી દિલ્હીમાં ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સની પ્રથમ સમિટ યોજાશે. આ સમિટની પ્રિ-ઈવેન્ટ દેશના વિવિધ રાજ્યોમાં અલગ-અલગ થીમ સાથે યોજાવવાની છે. તદઅનુસાર, સાસણગીરમાં સિંહ, ભોપાલમાં ચિતા, ભુવનેશ્વરમાં દીપડા, ગેંગટોકમાં સ્નો લેપર્ડ અને મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં વાઘ સરક્ષણ અંગેની ઈવેન્ટ યોજાશે.

મુખ્યમંત્રીશ્રીએ સાસણની આ પ્રિ-ઈવેન્ટને બિગ કેટના સંવર્ધન માટેના વડાપ્રધાનશ્રીના વિઝનને સમજવા માટેનું ઉત્તમ સ્થળ ગણાવી હતી. તેમણે કહ્યું કે, ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી કાર્યકાળ દરમિયાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગીર સેન્ચ્યુરી અને સિંહના જતન માટે જે પગલાં લીધા તેના અનુભવ પરથી દેશમાં બિગ કેટ સંવર્ધનને વેગ મળ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, ઈકોલોજી સાથે ઈમોશન જોડીને લોકલ ઈકોનોમીને વેગ આપવા સાથે પર્યાવરણ જાળવણીનો વડાપ્રધાનશ્રીનો અભિગમ ગુજરાતમાં ચરિતાર્થ થયો છે.

સિંહ સરક્ષણને પ્રાથમિકતા અને વન વિભાગની બેસ્ટ પ્રો- એક્ટિવ પ્રેક્ટિસિસને પરિણામે સિંહની વસ્તી જે ૧૯૯૧માં ૨૮૪ હતી તે વધીને આજે ૮૯૧ જેટલી થઈ છે.

એટલું જ નહિ, સિંહના વિચરણનો વિસ્તાર પણ પાછલા અઢી દાયકામાં ત્રણ જિલ્લાથી વધીને ૧૧ સુધી પહોંચ્યો છે. પોરબંદરના બરડા પંથકમાં સિંહોનું કુદરતી રીતે આગમન થયું છે અને સરકારના પ્રયાસોથી બરડા અભ્યારણ્ય એશિયાટીક લાયનનું નવું રહેઠાણ બન્યું છે. ૨૪ જેટલા સિંહ આજે બરડામાં વસવાટ કરે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વનરાજની વૈભવ વિરાસત જળવાઈ રહે અને વન્યજીવ સૃષ્ટિનો પણ વિકાસ થાય તે હેતુથી વડાપ્રધાનશ્રીએ ૨૦૦૦ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ લાયન શરૂ કરાવ્યો છે તેની પણ વિશદ ભૂમિકા આપી હતી.

તેમણે આ અંગે જણાવ્યું કે, સિંહો માટે બ્રિડિંગ સેન્ટર, આઈસોલેશન સેન્ટર, સારવાર કેન્દ્ર આધુનિકરણ, રેડિયો કોલર અને ડ્રોન સર્વેલન્સની સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

આ પ્રોજેક્ટ લાયન "બૃહદ




ગીર"ના સર્વાંગી વિકાસ માટે સિંહ સંવર્ધન ઉપરાંત સ્થાનિક લોકોના આર્થિક અને સામાજિક ઉત્થાન માટે પણ ઉપયોગી બનશે તેમ શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ સમિટ વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં વન્યજીવ સૃષ્ટી અને પર્યાવરણ સંરક્ષણ માટે "જીવમાં શિવ" અને "પૌધામાં પરમાત્મા"ની સંસ્કૃતિનું વિશ્વને દર્શન કરાવનારી સમિટ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

★કેન્દ્રીય વન અને પર્યાવરણ તથા જલવાયુ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવ

કેન્દ્રીય વન અને પર્યાવરણ તથા જલવાયુ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે દિલ્હી ખાતે યોજાનારા ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ સમિટના સંદર્ભમાં જણાવ્યું કે, ભારતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં પ્રકૃતિ પર્યાવરણ અને વન્યજીવનના સંરક્ષણ માટે નવું વિઝન આપ્યું છે. બિગ કેટ એટલે કે બિલાડી કુળના મુખ્ય પ્રાણીઓ સહિતના પ્રાણીઓના સંરક્ષણ માટે સર્વે હિતધારકોને એક મંચ પર લાવવા માટે ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ સમિટના માધ્યમથી મનોમંથન થશે અને વન્ય પ્રાણીઓના સંરક્ષણ માટે આધાર સ્તંભ રૂપ દિલ્હી ડેકલેરેશન પણ જાહેર કરવામાં આવશે.

આ સમિટમાં વિશ્વના સત્તા વાહકો, વન્ય પ્રાણીક્ષેત્રના નિષ્ણાંતો, સાયન્ટિસ્ટ, કોર્પોરેટ સહિતના લોકો ભાગ લેશે. તેથી વન્ય પ્રાણીઓના સંરક્ષણ સહયોગ વધુ સુદ્રઢ બનશે. આ સમિટની થીમ પણ બિલાડી કુળના વન્ય પ્રાણીઓના સંરક્ષણ તથા માનવતા અને પૃથ્વી પર્યાવરણના જતનની રહેશે.

તેમણે ઉદઘોષણા કરતા જણમવ્યુ હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આંતરરાષ્ટ્રીય બિગ કેટ અલાયન્સ (IBCA)ની પરીકલ્પના અને પહેલ વર્ષ ૨૦૨૩માં કરવામાં આવી હતી. હવે ૧ જૂન ૨૦૨૬ના રોજ તેમના માર્ગદર્શનમાં ભારત મંડપમ નવી દિલ્હિમાં IBCA શિખર સંમેલનનું યજમાન ભારત બનશે. બિલાડી કુળની આ સાત પ્રજાતિ વિશ્વના ૫૫ દેશોમાં વસે છે.

વધુમાં તેઓએ કહ્યુ હતું કે, ગુજરાતે સમગ્ર વિશ્વ સમક્ષ સિંહ સંરક્ષણનું ઉત્કૃષ્ટ રોલ મોડલ પૂરું પાડ્યું છે, સમગ્ર વિશ્વમાં આફ્રિકન લાયન સહિતના સિંહોની વસ્તી ઘટી રહી છે ત્યારે એશિયાઈ સિંહો વસ્તીમાં ૩૨ ટકાનો વધારો થતાં જેની સંખ્યા ૮૯૧ થઈ છે. સિંહોના સંરક્ષણ માટે નવા રહેઠાણો પણ વિકસાવવામાં આવ્યા છે, તેમાં બરડા અભયારણ્ય વિસ્તાર ઉભરી આવ્યું છે. સૌરાષ્ટ્ર ગુજરાતની જનતાના સન્માનનું પ્રતિક બનેલા સિંહ અને તેના સંરક્ષણના મોડલને સમગ્ર વિશ્વ સમક્ષ આગળ વધારવા માંગીએ છીએ.

તેમણે કહ્યું કે, મનુષ્ય દરેક વસ્તુનું સર્જન કરી શકે છે પરંતુ જીવનું નિર્માણ કરી શકતો નથી, આપણી સંસ્કૃતિ પણ કરુણાના ગુણ પર વિશેષ ભાર આપે છે એટલે કે સમગ્ર પૃથ્વી માત્ર મનુષ્ય માટે જ નથી પરંતુ જીવ સૃષ્ટિ માટે પણ છે, એટલે તેનું સંરક્ષણ કરવું એટલું જ જરૂરી છે.

તેમણે પ્રગતિ માટે આર્થિક વિકાસની સાથે ઈકો સિસ્ટમની પણ જાળવણી થાય તેના પર ભાર આપતા જણાવ્યું કે, જે પ્રકૃતિની રક્ષા કરે છે તેની પ્રકૃતિ પણ રક્ષા કરે છે.

આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ સાસણની ભૂમિ પર ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સની પ્રિ-ઈવેન્ટ યોજાઈ રહી છે તેનો સગૌરવ ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતની ભૂમિ પર બિલાડી કુળના મુખ્ય એવા સિંહ અને દિપડો તો જોવા મળી રહ્યા છે, તેમાં ઉમેરો થતાં રતન મહાલ અભયારણ્યમાં વાઘની હાજરી પણ જોવા મળી છે. તે સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, વાઘનો ગુજરાતની ભૂમિ પર વસવાટ કાયમી બને તેવા પ્રયાસો છે. ઉપરાંત ચિત્તાને પણ ગુજરાતમાં લાવવાની તૈયારી વિભાગ વન વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતમાં પર્યાવરણના જતન સાથે ઈકો સિસ્ટમ મજબૂત બની છે. ઈન્ટરનેશનલ બીગ કેટ એલાયન્સના ડાયરેક્ટર શ્રી એસ.પી. યાદવે વિડિયો ફિલ્મ નિદર્શનના માધ્યમથી IBCAની પૂર્વ ભૂમિકા અને બિલાડી કુળના ૭ મુખ્ય વન્ય પ્રાણીઓની વૈશ્વિક પ્રેઝન્સના સંદર્ભમાં ચિતાર આપતા જણાવ્યું હતું કે, વિશ્વના સાત બિગ કેટમાં વાઘ, સિંહ, દીપડો, હિમ દિપડો, ચિત્તો, જેગુઆર અને પુમાનો સમાવેશ થાય છે તે પૈકી પાંચ એટલે કે વાઘ સિંહ દીપડો હિમ દીપડો અને ચિત્તો ભારતમાં જોવા મળે છે.

સાસણની આ પ્રિ ઈવેન્ટમાં સાસણની વન્ય જીવ સૃષ્ટિ અને સંવર્ધનના બ્રોસરનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વન રાજ્ય મંત્રી શ્રી પ્રવીણભાઈ માળી,વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ શ્રી આર.સી.મીણા, શ્રી ડૉ. એ.પી.સિંહ, હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સ શ્રી ડૉ. જયપાલ સિંહ, શ્રી બી.પી. પાટી, શ્રી રમેશકુમાર પાંડે સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સીસીએફ ડૉ. રામ રતન નાલાના માર્ગદર્નમાં સાસણની વન વિભાગની ટીમે સમગ્ર ઈવેન્ટનું સંકલન કર્યુ હતું.

# માંજલપુરના ધારાસભ્યના ઘર પાસે જ રહેતા તેમના ભત્રીજાના મકાનમાં ચોરી

### બે દિવસ પહેલા તુલસીવાડીના મકાનમાંથી એક ગઠિયો ત્રણ મોબાઈલ ચોરી જતાં પકડાઈ ગયો હતો : તસ્કરના પરાક્રમથી પોલીસ દોડતી થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

રાજ્યમાં ચોરી, લૂંટ સહિતની ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે વડોદરા શહેરમાં છેલ્લા ઘણાં સમયથી ચોરો બેફામ બન્યા છે. હવે સુરક્ષિત ગણાતાં શહેરના ગીચ વિસ્તારોમાં પણ ચોરો દ્વારા હાથ ફેરો કરાયો હોવાની ઘટનાઓ બની રહી છે. જેમાં માંજલપુરના ધારાસભ્યના ઘર પાસે જ રહેતા તેમના ભત્રીજાના મકાનમાં ચોરીની ઘટનાની બનતાં પોલીસ દોડતી થઈ છે. મળતી માહિતી મુજબ, વડોદરમાં ચાર દિવસ પહેલા નાગરવાડા નવી ધરતી વિસ્તારમાં વહેલી સવારે સ્કૂટર ઉપર આવેલા ત્રણ ચોર મકાનમાંથી દાગીના અને રોકડ ચોરી ગયા હતા. જ્યારે બે દિવસ પહેલા તુલસીવાડીના મકાનમાંથી એક ગઠિયો ત્રણ મોબાઈલ ચોરી જતાં પકડાઈ ગયો હતો. આ દરમિયાન ગુરુવારે(૧૪ મે) વહેલી સવારે સૌથી સુરક્ષિત મનાતા અમદાવાદી પોળ વિસ્તારમાં માંજલપુરના ધારાસભ્યના મકાનની નજીકમાં જ તેમના ભત્રીજાના મકાનમાં ચોરીની ઘટના બની છે. ચોરીની ઘટના મામલે અમદાવાદી પોળના ૬૩ નંબરના મકાનમાં રહેતા અમિશ સુનિલભાઈ પટેલે પોલીસને જણાવ્યું હતું કે, 'મારી પત્ની હાલ પિયર ગઈ હોવાથી મકાનમાં હું અને મારી માતા રહીએ છીએ. સવારે હું વોક માટે કમાટીબાગમાં ગયો હતો અને મારા મમ્મી અંબાજી મંદિરે દર્શનાર્થે ગયા હતા, આ દરમિયાન સ્ટોર રૂમ ખોલીને કોઈ વ્યક્તિ મકાનની ચાવી લઈ ઘરમાંથી રોકડા રૂ.૫ લાખ અને લેપટોપ ઉઠાવી ગઈ હતી.' સમગ્ર ઘટનાને પગલે ધારાસભ્યના ભત્રીજાએ કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, ત્યારે પોલીસે ચોરીની ઘટના મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## અમદાવાદથી રાજકોટ તરફ જતી બસની ટેન્કર સાથે ટક્કર, ૪ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજકોટ-ચોટીલા હાઈવે પરથી એક રૂંવાડા ઊભા કરી દેતા અકસ્માતના દૃશ્યો સામે આવ્યા છે. અહીં સાંગાણી ગામ નજીક મોડી રાતે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. જેમાં એક ખાગી બસ અને ટેન્કર વચ્ચે એવી પ્રચંડ ટક્કર થઈ હતી કે અકસ્માત બાદ આખી બસ જાણે ફાયરબોલ બની ગઈ હતી. આ ભયાનક અકસ્માતમાં ચાર લોકો જીવતા બળી ગયા હતા જેમના મૃતદેહોની ઓળખ કરવી પણ હવે મુશ્કેલ થઈ ગઈ છે. જ્યારે ૧૦ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી સામે આવી છે જેમાંથી અનેકની હાલત ગંભીર હોવાની જાણકારી મળી રહી છે. આ બસ અમદાવાદથી રાજકોટ તરફ જતી હોવાની માહિતી સામે આવી છે. મોડી રાતે સર્જાયો અકસ્માત માહિતી અનુસાર આ અકસ્માત રાતે દોઢથી બે વાગ્યાના સુમારે સર્જાયો હતો. જેમાં ટેન્કરમાં ડામર ભરેલું હતું. આ ટેન્કરનું ટાયર ફાટતાં તે બેકાબૂ થઈ થયો હતો. જોકે આ સમયે જ પાછળથી આવતી બસ તેની સાથે અથડાતાં પ્રચંડ ધડાકો થયો હતો અને આખી બસ આગમાં લપટાઈ ગઈ હતી. આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ પણ મનાય છે. જોકે મુસાફરોને બસમાંથી બહાર નીકળવાની તક મળે એ પહેલા જ હોનારત સર્જાઈ ગઈ હતી. લગભગ ચાર લોકો જીવતા જ બળી ગયા હતા. જોકે બાકીના ૧૦ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા અને અન્ય મુસાફરો સુરક્ષિત બહાર આવવામાં સફળ રહ્યા હતા. પોલીસ અને ફાયબ્રિગેડની ટીમે રેસ્ક્યૂ કર્યા ઘટના વિશે જાણકારી મળતાં જ પોલીસ અને ફાયરબ્રિગેડની ટીમ ત્વરિત દોડી આવી હતી અને રેસ્ક્યૂની કાર્યવાહી કરી હતી. ઘટના હાઈવે પર સર્જાવાને કારણે ટ્રાફિક જામની સ્થિતિ પણ જોવા મળી હતી. હાલમાં ઈજાગ્રસ્તોની સારવાર રાજકોટની હોસ્પિટલમાં ચાલી રહી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કોર્ટે ફરિયાદીને ૫૦ હજાર રૂપિયા વળતર પેટે ચૂકવી આપવા આદેશ કર્યો

## બેફામ AMTS બસ હંકારી યુવતીનો જીવ લેનારા ડ્રાઈવરને એક વર્ષની કેદ

### NCRBના રિપોર્ટ જોતા રોજ ૫૪૬ વ્યક્તિનાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ થાય છે, તે ગંભીર બાબત છેઃ કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરના વિજય ચાર રસ્તા પાસે એક્ટિવા પર પસાર થઈ રહેલા દંપતીને વર્ષ ૨૦૨૩માં એએમટીએસ બસે અડફેટમાં લીધા હતા. જેમાં યુવતીનું મોત થયું હતું. આ કેસમાં એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ ડી.એચ.ખંભાતીએ આરોપી એએમટીએસ ડ્રાઈવરને એક વર્ષની કેદની સજા અને દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત ફરિયાદીને વળતર પેટે ૫૦ હજાર રૂપિયા ચૂકવવા આપવા આદેશ કર્યો છે. સાથે જ કોર્ટે ચુકાદામાં નોંધ્યું હતું કે, નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરો નો તાજેતરનો રિપોર્ટ જોતા દેશમાં માર્ગ અકસ્માતમાં પ્રતિદીન ૫૪૬ વ્યક્તિના મોત થાય છે, ત્યારે આ બાબતને ગંભીરતાથી લેવી આવશ્યક બની છે. આ આખોય કેસ નિઃશંકપણે પુરવાર થાય છે ત્યારે આરોપીને સજા કરવી ન્યાયોચિત જણાય છે. શહેરના મેમનગર વિસ્તારમાં રહેતા લલ્લુભાઈ મહાદેવભાઈ રબારી એએમટીએસમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. તેઓ ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ બસ લઈ નિકળ્યા હતા. લલ્લુભાઈએ વિજય ચાર રસ્તા પાસે ગફલત અને બેદરકારીભરી રીતે બસ હંકારી હતી. ત્યારે ત્યાંથી એક્ટિવા લઈ પસાર થતા મહારાષ્ટ્રના શ્રીગણેશ બાબાસાહેબ બાંગર અને તેમના પત્ની દિપ્તીબહેને સિગ્નલ આવતુ હોવાથી વ્હીકલ ધીમુ કર્યુ હતું. ત્યારે લલ્લુભાઈની બસે તેમના વાહનને ટક્કર મારી હતી. જેથી બન્ને નીચે પટકાયા હતા. આ દરમિયાન દિપ્તીબહેનને શરીરના વિવિધ ભાગે ઈજા થઈ હતી. તેથી તેમને સારવાર માટે તાત્કાલીક ઝાયડસ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ૨૯ માર્ચ ૨૦૨૩ના રોજ સારવાર દરમિયાન દિપ્તીબહેનનું મોત થયું હતું. આ મામલે શ્રીગણેશે બી ડિવિઝન ટ્રાફિક પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે લલ્લુભાઈની ધરપકડ કરી હતી. ત્યારબાદ તપાસ બાદ મેટ્રોકોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરતા કેસ ચાલવા પર આવ્યો હતો. જેમાં સરકારી વકીલ કલ્પેશ કે. યોગીએ પૂરતા સાક્ષી તપાસી અને દસ્તાવેજી પુરાવા રજૂ કરતા કોર્ટને જણાવ્યું હતું કે, આરોપીને ગફલત ભરી રીતે વાહન ચલાવી અકસ્માત સર્જયો હતો. જેના કારણે ફરિયાદીના પત્નીનું મોત થયું હતું. આવા કિસ્સા વધી રહ્યાં છે. શહેરમાં એએમટીએસ બસને કારણે સંખ્યાબંધ જગ્યાએ અકસ્માત સર્જાઈ રહ્યા છે. ત્યારે સમાજમાં દાખલો બેસે અને બેફામ વાહન હંકારતા લોકોમાં કાયદાનો ભય રહે તે હેતુને ધ્યાને રાખી આરોપીને યોગ્ય સજા કરવી જોઈએ. આવી રજૂઆત બાદ કોર્ટે આરોપી લલ્લુભાઈ રબારીને એક વર્ષ કેદની સજા ફટકારી છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - ગુરૂવાર, ૧૪/૦૫/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૫૦૩ | ૪૬૯.૦૦ | ૫૪૯.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૧,૦૫૦.૦૦ | ૧,૫૦૦.૦૦ |
| ૩ | એરંડા | ૫૫ | ૧,૨૬૪.૦૦ | ૧,૩૦૦.૦૦ |
| ૪ | રાયડો | ૨ | ૧,૦૫૦.૦૦ | ૧,૨૦૦.૦૦ |
| ૫ | બાજરી | ૧૭૪ | ૪૫૦.૦૦ | ૪૮૫.૦૦ |
| ૬ | મકાઇ | ૬૪૧ | ૪૦૫.૦૦ | ૫૭૫.૦૦ |
| ૭ | ચણા | ૪૦ | ૯૫૦.૦૦ | ૧,૦૫૦.૦૦ |
| ૮ | ચણા (કાબુલી ) | ૫૦ | ૧,૨૫૦.૦૦ | ૧,૪૫૫.૦૦ |
| ૯ | ગવાર | ૪૧ | ૮૮૧.૦૦ | ૯૦૧.૦૦ |
| ૧૦ | તમાકુ | ૦ | ૧,૨૦૦.૦૦ | ૨,૨૫૦.૦૦ |
| ૧૧ | તમાકુ (ગારીયુ) | ૦ | ૯૫૦.૦૦ | ૧,૩૫૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

### વિકાસ કાર્યોની સમીક્ષા અને વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કરશે

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બે દિવસ વતનના પ્રવાસે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

તાજેતરમાં આસામ, પુડુચેરી સહિત પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણીઓમાં જીત બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૧૦ અને ૧૧ મેના રોજ વતનના પ્રવાસે આવ્યા હતા. જે બાદ હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આગામી તા. ૧૬ અને ૧૭ મે દરમિયાન ગાંધીનગર લોકસભા ક્ષેત્રના બે દિવસીય પ્રવાસની રૂપરેખા ઘડાઈ છે.

બે દિવસના પ્રવાસમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. જે અંતર્ગત ૧૬ મેના રોજ અમિત શાહની અધ્યક્ષતામાં ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં પ્રગતિ હેઠળના વિવિધ વિકાસ પ્રકલ્પોની સમીક્ષા બેઠક યોજાશે. જેમાં ગાંધીનગર લોકસભા – હરિયાળી લોકસભા અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ, સરખેજ-ગાંધીનગર હાઈવેના આધુનિકરણ, ગાંધીનગર લોકસભાના તળાવોના નવીનીકરણ અને ઈન્ટરલિંકિંગ કામગીરીઓમાં થયેલી પ્રગતિની સમીક્ષા બેઠક તથા ગાંધીનગર લોકસભા તેમજ માણસા નગરપાલિકાના ટેંહ્રુઝ સહિતના વિકાસ કાર્યોની સમીક્ષા બેઠક સામેલ છે. તેમજ લોકસભા ક્ષેત્રની સાર્વજનિક હોસ્પિટલોની કામગીરીની સમીક્ષા બેઠક, અખંડ આનંદ તેમજ સસ્તુ સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટની કામગીરી અંગેની બેઠકો પણ યોજાશે.

આ ઉપરાંત ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં કાર્યરત રમશે બાળક – ખીલશે બાળક અભિયાન અંતર્ગત રમકડા એકત્રિકરણ અભિયાનના ઈન્ચાર્જ અને સહ-ઈન્ચાર્જ સાથે બેઠક યોજશે. જ્યારે ઘાટલોડિયા, વેજલપુર, સાબરમતી તથા નારણપુરા વિધાનસભા વિસ્તારોમાંથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નવા ચૂંટાયેલા કાઉન્સિલરો સાથે શુભેચ્છા મુલાકાત કરીને સંવાદ માટેના કાર્યક્રમની રૂપરેખા ઘડાઈ છે. ૧૭ મેના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદના ત્રાગડ ખાતે ગણેશ હાઉસિંગ દ્વારા નિર્મિત મિલિયન માઈન્ડ્સ ટેક પાર્ક આઈ.ટી. અને ગ્લોબલ કેપેબિલિટી સેન્ટરની મુલાકાત કરશે. જ્યારે ગાંધીનગર જિલ્લાના દશેલા ખાતે ગાંધીનગર જિલ્લા દૂધ સંઘ લિ. મધુર ડેરી દ્વારા નિર્મિત પાંચ લાખ લીટર ક્ષમતાવાળા અદ્યતન પ્લાન્ટનું ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ઈન્ફોસિટી, ગાંધીનગર ખાતે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન, અમદાવાદના ઈનોવેશન એન્ડ ઈન્ક્યુબેશન સેન્ટરનું લોકાર્પણ તેમજ ગાંધીનગર મહાનગર પાલિકાના વિવિધ વિકાસલક્ષી કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે. આમ બે દિવસના પ્રવાસમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તેમના સંસદીય ક્ષેત્રના વિકાસ કામોના સહભાગી થશે.

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૬૨ લપસ્યોઃ સોનાના વાયદામાં રૂ.૪૪નો સુધારો, ચાંદીનો વાયદો રૂ.૪૩૫૭ નરમ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૪૪૮૧.૦૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૬૩૯૨૧.૭૨ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૩૭૫૪.૪૭ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૪૦૦૬૩ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૪૯૮૪૦૩.૯૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૪૪૮૧.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૪૬૩૯૨૧.૭૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ મે વાયદો ૪૦૦૬૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૪૨૨૨.૪૫ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૩૭૫૪.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૧૮૮૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૩૦૫૫ અને નીચામાં રૂ.૧૬૧૦૨૭ના મથાળે અથડાઈ, રૂ.૧૬૨૧૮૬ના આગલા બંધ સામે રૂ.૪૪ વધી રૂ.૧૬૨૨૩૦ થયો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૫૫ ઘટી રૂ.૧૩૦૦૬૮ થયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૮ વધી રૂ.૧૬૨૯૪ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯ વધી રૂ.૧૬૧૬૫૬ થયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૧૭૨૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૨૫૫૧ અને નીચામાં રૂ.૧૫૮૨૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૬૧૭૨૩ના આગલા બંધ સામે રૂ.૧૯૭ વધી રૂ.૧૬૧૯૨૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૨૯૮૩૭૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૯૯૦૦૦ અને નીચામાં રૂ.૨૯૪૪૫૦ના મથાળે અથડાઈ, રૂ.૩૦૦૨૩૮ના આગલા બંધ સામે રૂ.૪૩૫૭ ઘટી રૂ.૨૯૫૮૮૧ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૩૭૦૩ ઘટી રૂ.૨૯૮૪૩૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૩૮૦૬ ઘટી રૂ.૨૯૮૩૫૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૪૯૯૫.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૪.૯ ઘટી રૂ.૧૩૯૪ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.૫.૧ વધી રૂ.૩૬૯.૮૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો ૬૫ પૈસા ઘટી રૂ.૩૮૫.૪૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો ૩૦ પૈસા વધી રૂ.૨૦૪.૪૫ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૫૫૫૧.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૫૭૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૬૧૧ અને નીચામાં રૂ.૪૫૩૫ના સ્તરને સ્પર્શી, રૂ.૪૧ ઘટી રૂ.૪૫૫૮ થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.૯૭૦૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૮૦૪ અને નીચામાં રૂ.૯૫૪૧ના સ્તરને સ્પર્શી, રૂ.૯૭૧૧ના આગલા બંધ સામે રૂ.૬૨ ઘટી રૂ.૯૬૪૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૬૫ ઘટી રૂ.૯૬૪૬ થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨.૧ ઘટી રૂ.૨૭૩.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.૨.૧ ઘટી રૂ.૨૭૩.૧ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.૯૯૮ના ભાવે ખૂલી, રૂ.૩ ઘટી રૂ.૯૯૪ થયો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.૨૭૪૩ના ભાવે ખૂલી, રૂ.૧૬ વધી રૂ.૨૭૫૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૨૩૬૮.૦૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૩૮૬.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૩૭૫૩.૪૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૬૬.૭૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૪૪.૮૫ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૬૧૭.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૧.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૧૧૮.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૪૧૧.૫૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧.૭૨ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૨૨ કરોડનાં કામ થયાં હતાં.


ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૦૯૭૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૨૯૫૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૦૮૮૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૬૯૧૫૮ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૨૪૯૧ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૮૭૮૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૧૩૪૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૮૬૨૯ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૨૦૧૩ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૪૯૪ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૬૫૧૯ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ મે વાયદો ૪૦૦૩૮ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૪૦૦૬૩ પોઈન્ટના સ્તર અને નીચામાં ૪૦૦૩૮ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૫૭ પોઈન્ટ ઘટી ૪૦૦૬૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૯૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૭.૫ ઘટી રૂ.૭૦.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૧ ઘટી રૂ.૬.૭૫ના ભાવે બોલાયો હતો.

સોનું મે રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૩ ઘટી રૂ.૨૩૬ થયો હતો. આ સામે ચાંદી મે રૂ.૩૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૧૮.૫ ઘટી રૂ.૧૫૯૬ થયો હતો. તાંબું મે રૂ.૧૪૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૫૩ ઘટી રૂ.૯.૮૨ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ.૪૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૯૯ વધી રૂ.૨ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૯૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૬.૬૫ ઘટી રૂ.૭૩.૫૫ થયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૫ પૈસા ઘટી રૂ.૭ થયો હતો. સોનું-મિની મે રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫.૫ ઘટી રૂ.૭૫૪.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૩૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૩૩ ઘટી રૂ.૧૮૩૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૯૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ ૩૦ પૈસા વધી રૂ.૧૨૧.૭ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૦ પૈસા વધી રૂ.૮.૪૫ થયો હતો.

સોનું મે રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૨.૫ ઘટી રૂ.૫૮૧ થયો હતો. આ સામે ચાંદી મે રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૩.૫ વધી રૂ.૮૦૭.૫ના ભાવે બોલાયો હતો. તાંબું મે રૂ.૧૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૯ પૈસા ઘટી રૂ.૮.૨૩ થયો હતો. જસત મે રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૪ ઘટી રૂ.૨.૫ના ભાવે બોલાયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૯૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ ૪૦ પૈસા વધી રૂ.૧૨૫.૪ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૫ પૈસા વધી રૂ.૮.૬૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૮.૫ ઘટી રૂ.૩૫૨ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૭.૫ વધી રૂ.૭૨૪ થયો હતો.




# સ્ટેચ્યૂ ઓફ યુનિટી આસપાસ રહેતા ૧૦૦૦ આદિવાસી પરિવારોનાં રસોઈ ગેસમાં આત્મનિર્ભરનાં મંડાણ

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટી (SOU)ની આસપાસ રહેતા ૧૦૦૦ જેટલા આદિવાસી પરિવારો રસોઇ ગેસની બાબતમાં આત્મનિર્ભર બની રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા ૧૦૦૦ આદિવાસી પરિવારોને બાયોગેસ પ્લાન્ટ મળે તે માટે કરેલી મહેનત હવે રંગ લાવી રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ એકતાનગર ખાતે વર્ષ ૨૦૨૫ના રાષ્ટ્રીય એકતા દિવસ પરેડ દરમિયાન જાહેર કર્યુ હતું કે, સ્ટેચ્યૂ ઓફ યુનિટીની આસપાસ રહેતા ૧૦૦૦ આદિવાસી ઘરોમાં બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવશે. આ યોજના નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાની ૩૮ ગ્રામ પંચાયતો હેઠળ આવેલા ૮૯ ગામોમાં અમલમાં છે ગરુડેશ્વર તાલુકા પંચાયત દ્વારા અમલામાં મુકવામાં આવેલી આ યોજનાનું જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (DRDA) દ્વારા મોનિટરીંગ થઈ રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનાં આત્મનિર્ભર ભારતના





વિઝનથી પ્રેરિત આ પહેલનો હેતુ LPG અને પરંપરાગત લાકડાના ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવાનો છે.

સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી આશરે ૭ કિમી દૂર આવેલા વાઘપુરા ગામમાં રહેતા રવિના તડવીએ જણાવ્યું કે, સરકાર દ્વારા સ્થાપવામાં આવેલા બાયોગેસ પ્લાન્ટને કારણે તેમના દૈનિક જીવનમાં ઘણો ફેરફાર થયો છે.

"હવે અમને LPG સિલિન્ડરની ચિંતા રહેતી નથી. બાયોગેસ પ્લાન્ટ દ્વારા દરરોજ સ્વચ્છ ઈંધણ મળે છે અને બાયોગેસ પ્લાન્ટમાંથી નીકળતી સ્લરી ખેતીમાં રાસાયણિક ખાતરનો ઉત્તમ વિકલ્પ બની છે. જૈવિક ખાતરને કારણે પાક ઉત્પાદન પણ વધે છે," રવિના તડવીએ વધુમાં જણાવ્યું.

આ જ પ્રકારની લાગણી વ્યક્ત કરતાં સ્થાનિક રહેવાસી ચંદુ તડવીએ યોજનાનો મહિલાઓ પર પડેલા સકારાત્મક પ્રભાવ વિશે જણાવ્યું કે, "બાયોગેસ પ્લાન્ટને કારણે મહિલાઓને સૌથી વધુ લાભ થયો છે. પહેલાં તેઓ ખેતરમાં કામ કર્યા પછી લાકડાં ભેગા કરવા માટે લાંબા અંતર સુધી જતી હતી. ચૂલા પર રસોઈ કરવાને કારણે ધૂમાડો થતો અને આંખોને નુકશાન થતું પણ હવે બાયોગેસના ઉપયોગથી તેઓ ધુમાડાથી મુક્ત થઈ ગઈ છે અને રસોઈ ગેસમાં આત્મનિર્ભર બની છે,". મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનાં માર્ગદર્શનમાં રાજ્યનાં ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા મળે તે માટેની યોજનાઓને ત્વરિત અમલ થઈ રહ્યો છે. ગુજરાતમાં વૈકલ્પિક ઉર્જા માટે માતબર પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૬૬૫ થી વધુ બાયોગેસ પ્લાન્ટ નંખાઇ ચૂક્યા છે અને બાકીનાં પ્લાન્ટ નાંખવાની પ્રક્રિયા પ્રગતિમાં છે. આ પ્લાન્ટ સ્થાપવામાં માટેનો તમામ ખર્ચ સરકાર દ્વારા આપવામાં આવે છે. લાભાર્થીએ પ્લાન્ટ માટે જરૂરી ખાડો ખોદવા માટે શ્રમદાન કરવાનું રહે છે. બાયોગેસ પ્લાન્ટ થકી મહિલાઓને સ્વચ્છ રસોઇ ગેસ મળે છે અને સાથે સાથે પ્લાન્ટમાંથી મળતી સ્લરીનો ખાતર તરીકે ખેતીમાં ઉપયોગ થતા વિદેશથી આયાત થતા રાસાયણિક ખાતર પરની નિર્ભરતા પણ ઓછી થાય છે.

# મદાર—પાલનપુર રેલખંડ પર બ્રિજ કાર્યના કારણે રેલવે ટ્રાફિક પ્રભાવિત રહેશે

ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા અજમેર રેલ મંડળના મદાર—પાલનપુર રેલખંડ પર આવેલ આઉવા અને ભિંવાલિયા સ્ટેશનો વચ્ચેના બ્રિજ નં. ૬૦૫ પર આર.સી.સી. બોક્સ મૂકવા માટે જરૂરી બ્લોક લેવામાં આવી રહ્યો છે. આ કામગીરીને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે.

પૂર્ણતઃ રદ ટ્રેનો

- ટ્રેન નં. ૧૪૮૨૨ સાબરમતી—જોધપુર એક્સપ્રેસ તા. ૧૫.૦૫.૨૦૨૬ અને ૧૬.૦૫.૨૦૨૬ના રોજ રદ રહેશે.
- ટ્રેન નં. ૧૪૮૨૧ જોધપુર—સાબરમતી એક્સપ્રેસ તા. ૧૪.૦૫.૨૦૨૬ અને ૧૫.૦૫.૨૦૨૬ના રોજ રદ રહેશે.

માર્ગ પરિવર્તિત ટ્રેનો

- તા. ૧૫.૦૫.૨૦૨૬ ની ટ્રેન નં. ૧૯૨૨૩ સાબરમતી—જમ્મુ તવી એક્સપ્રેસ મહેસાણા—ભીલડી—લૂણી માર્ગે દોડશે.
- તા. ૧૫.૦૫.૨૦૨૬ ની ટ્રેન નં. ૧૨૪૬૨ સાબરમતી—જોધપુર એક્સપ્રેસ મહેસાણા—ભીલડી—લૂણી માર્ગે દોડશે.
- તા. ૧૫.૦૫.૨૦૨૬ ની ટ્રેન નં. ૧૪૭૦૭ હનુમાનગઢ—દાદર રણકપુર એક્સપ્રેસ લૂણી—ભીલડી—મહેસાણા માર્ગે દોડશે.
- તા. ૧૪.૦૫.૨૦૨૬ ની ટ્રેન નં. ૨૦૪૯૬ હડપસર—જોધપુર એક્સપ્રેસ મહેસાણા—ભીલડી—લૂણી માર્ગે દોડશે.
- તા. ૧૪.૦૫.૨૦૨૬ ની ટ્રેન નં. ૨૦૯૪૩ બાંદ્રા ટર્મિનસ—ભગત કી કોઠી એક્સપ્રેસ મહેસાણા—ભીલડી—લૂણી માર્ગે દોડશે.
- તા. ૧૪.૦૫.૨૦૨૬ ની ટ્રેન નં. ૧૪૭૦૧ શ્રીગંગાનગર—બાંદ્રા ટર્મિનસ અરાવલી એક્સપ્રેસ અજમેર—ચિત્તૌડગઢ—રતલામ—વડોદરા માર્ગે દોડશે.

ટ્રેનોના સમય, સ્ટોપેજ અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail. gov.inની મુલાકાત લઈ શકે છે.

### પંચર ચેક કરવા ઉતર્યા અને કાળ ત્રાટક્યો

# ટ્રકનું ટાયર તપાસવા નીચે ઉતરેલા ચાલકને અન્ય ટ્રકે અડફેટે લેતા મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના ગામડી-અસ્લાલી રોડ પર ટ્રકનું ટાયર તપાસવા નીચે ઉતરેલા ચાલકને અન્ય એક પુરપાટ ઝડપે આવતી ટ્રકે અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે. આ અકસ્માત બાદ ફરાર થઈ ગયેલા ટ્રક ચાલકની પોલીસે શોધખોળ હાથ ધરી છે. મૃતકની ઓળખ મહેન્દ્રભાઈ શ્યામશંકર પાંડે તરીકે થઈ છે. મળતી માહિતી અનુસાર, મહેન્દ્રભાઈ પાંડે પોતાની ટ્રક લઈને ગામડી-અસ્લાલી પટ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન શિવ પાર્કિંગ નજીક તેમને વાહનના ટાયરમાં પંચર પડ્યું હોવાની શંકા ગઈ હતી. પોતાની શંકા દૂર કરવા માટે મહેન્દ્રભાઈએ ટ્રક રસ્તાની સાઈડમાં રોકી હતી. તેઓ જેવી ગાડીની નીચે ઉતરીને ટાયરની તપાસ કરવા ગયા, આ દરમિયાન પાછળથી આવી રહેલી એક બેફામ ટ્રકે તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે મહેન્દ્રભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટના જ્યાં બની તે ગામડી-અસ્લાલી રોડ અમદાવાદમાં આવતા અને જતા ભારે વાહનો માટેનો અત્યંત વ્યસ્ત કોરિડોર માનવામાં આવે છે. અકસ્માત થતા જ આસપાસના સ્થાનિક રહેવાસીઓ અને પસાર થતા વાહનચાલકો મદદે દોડી આવ્યા હતા અને તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. જોકે, ગંભીર ઈજાઓને કારણે મહેન્દ્રભાઈ પાંડેને તબીબો દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે અકસ્માત સર્જનાર ટ્રક અને તેના ડ્રાઈવરની ઓળખ કરવા માટે સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓ એકત્રિત કરવાનું શરૂ કર્યું છે.

### ટર્નઅરાઉન્ડ બાંધકામ ઉદ્યોગમાં શાંત ક્રાંતિ લાવે છે; સિમેન્ટનો સસ્તો ખર્ચ ગરીબો અને મધ્યમ વર્ગ માટે પોસાય તેવા આવાસમાં મદદ કરે છે

# સુધારાઓને કારણે, રેલવેએ છેલ્લા ચાર મહિનામાં ૧૭૦ ટકા વધુ સિમેન્ટનું વહન કર્યું; હવે ફ્લાય એશ (Fly Ash) માર્કેટ પર નજર

**PIB Ahmedabad**

રેલવે સુધારાઓમાં પ્રાપ્ત એક મોટી સફળતામાં, ભારતીય રેલવેએ છેલ્લા ચાર મહિનામાં સિમેન્ટના વહનમાં ૧૭૦ ટકાનો વધારો નોંધાવ્યો છે. આ વધારો રેલવે દ્વારા ગયા વર્ષે નવેમ્બરમાં સિમેન્ટ પરિવહનમાં શ્રેણીબદ્ધ સુધારાઓ દાખલ કર્યા પછી આવ્યો છે. આ સુધારાઓ અવિરત એન્ડ-ટુ-એન્ડ લોજિસ્ટિક્સ માટે નવીન બલ્ક સિમેન્ટ ટેક કન્ટેનર પર આધારિત છે. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે કન્ટેનર સેક્ટરના સુધારા અને તેમના અમલીકરણની સમીક્ષા કરી હતી.

બલ્ક સિમેન્ટની રેલ-આધારિત અવરજવર વધારવા અને રોડ ટ્રાન્સપોર્ટમાંથી સ્વચ્છ અને વધુ કાર્યક્ષમ રેલ લોજિસ્ટિક્સ તરફના પરિવર્તનને પ્રોત્સાહિત કરવા માટે સિમેન્ટ સુધારા રજૂ કરવામાં આવ્યા હતા. રેલવેએ સિમેન્ટના મલ્ટિમોડલ હેન્ડલિંગને ટેકો આપવા માટે કસ્ટમાઈઝ્ડ ટેક કન્ટેનર અને બલ્ક સિમેન્ટ ટર્મિનલ પોલિસી રજૂ કરી છે.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે નવી સિસ્ટમથી લોડિંગ અને અનલોડિંગ સરળ બન્યું છે અને સામગ્રીનું નુકસાન પણ ઘટી રહ્યું છે. એક જગ્યાએ ઉત્પાદિત થતો સિમેન્ટ હવે સીધો જ વિશિષ્ટ ટેક કન્ટેનરોમાં વપરાશ કેન્દ્રો સુધી જઈ શકે છે, જે બહુવિધ હેન્ડલિંગ પ્રક્રિયાઓને ઘટાડે છે અને પ્લાન્ટ-ટુ-માર્કેટ કાર્યક્ષમતામાં સુધારો કરે છે. કન્ટેનર પ્રમાણભૂત આકારના હોવાથી અને રેડી-મિક્સ કોંક્રિટ (RMC) મશીનો સાથે સુસંગત હોવાથી, સિમેન્ટ વાપરવા માટે તૈયાર સ્વરૂપમાં બાંધકામ સાઈટ્સ પર પહોંચે છે. આનાથી હેન્ડલિંગના બે તબક્કા ઓછા થયા છે, જેનાથી લોજિસ્ટિક્સ ખર્ચ ઓછો થયો છે અને ટર્નઅરાઉન્ડ ઝડપી બન્યું છે.

સિમેન્ટ લોજિસ્ટિક્સમાં સુધારેલ ટર્નઅરાઉન્ડ બાંધકામ ઉદ્યોગમાં શાંત ક્રાંતિ લાવી રહ્યું છે. હેન્ડલિંગ તબક્કા અને લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો કરીને, સિમેન્ટની એકંદર વિતરણ કિંમત ઓછી થવાની અપેક્ષા છે, જે વધુ પોસાય તેવા બાંધકામ ઈનપુટ્સમાં પરિણમી શકે છે. આ ખર્ચ કાર્યક્ષમતા હાઉસિંગની માંગ માટે ખાસ કરીને નોંધપાત્ર છે, કારણ કે તે મૂલ્ય સાંકળ (value chain) માં બાંધકામ ખર્ચ પરનું દબાણ હળવું કરીને ગરીબો અને મધ્યમ વર્ગ માટે આવાસને વધુ પોસાય તેવા બનાવવાના લક્ષ્યને ટેકો આપે છે.

નવીન "મેક ઈન ઈન્ડિયા" ટેક કન્ટેનર ટ્રેનમાંથી ટ્રેલર અને ફરી પાછા ટ્રેનમાં અવિરત અવરજવર માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે, જે કાર્યક્ષમ ડોર-ટુ-ડોર લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ સક્ષમ કરે છે. દરેક કન્ટેનર મિકેનાઈઝ્ડ લોડિંગ અને અનલોડિંગને સપોર્ટ કરે છે, જ્યારે પરંપરાગત ગુણીઓ (બેગ)માં થતા સિમેન્ટ પરિવહનની તુલનામાં ઢોળાવ અને પેકેજિંગના નુકસાનને પણ ઘટાડે છે.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે આ સુધારો પર્યાવરણને અનુકૂળ પણ છે કારણ કે લોડિંગ અને અનલોડિંગ દરમિયાન ધૂળની ઉત્પત્તિમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. કન્ટેનર દ્વારા બલ્ક મૂવમેન્ટ તરફનું પરિવર્તન ઈંધણનો વપરાશ ઘટાડી રહ્યું છે, ઉત્સર્જન ઘટાડે છે અને સ્વચ્છ લોજિસ્ટિક્સને પ્રોત્સાહન આપે છે જ્યારે રસ્તાઓ પરની ભીડ પણ ઘટાડે છે.

સિમેન્ટ પરિવહનમાં સફળતા મળ્યા બાદ, રેલવે હવે ફ્લાય એશ (fly ash) પરિવહન માટે પણ આવા જ સુધારા પર કામ કરી રહી છે. વરિષ્ઠ અધિકારીઓ સાથે આ ક્ષેત્રની સમીક્ષા કરતા, શ્રી વૈષ્ણવે અધિકારીઓને ફ્લાય એશ પરિવહન બજારમાં રહેલી વિશાળ ક્ષમતાનો લાભ લેવા અને થર્મલ પાવર પ્લાન્ટ્સ દ્વારા પેદા થતા કચરાને રાષ્ટ્રીય સંપત્તિમાં ફેરવવા વિનંતી કરી હતી.

કેન્દ્રીય મંત્રીએ નોંધ્યું હતું કે દેશમાં અંદાજે ૩૦૦ મિલિયન મેટ્રિક ટન ફ્લાય એશનું ઉત્પાદન થાય છે, પરંતુ હાલમાં રેલવે દ્વારા માત્ર ૧૩ મિલિયન ટનનું જ વહન કરવામાં આવે છે. તેમણે અધિકારીઓને રેલવેનો હિસ્સો નોંધપાત્ર રીતે વધારવા અને દેશભરમાં ઈંટના ભઠ્ઠા, સિમેન્ટ ઉદ્યોગો અને બાંધકામ સાઈટ્સ પર ફ્લાય એશની અવરજવરને સુવિધાજનક બનાવવા જણાવ્યું હતું. તેને "વેસ્ટ ટુ વેલ્થ" (કચરામાંથી કમાણી) ની મોટી તક ગણાવતા તેમણે કહ્યું કે પાવર પ્લાન્ટ્સ દ્વારા અવારનવાર કચરો ગણવામાં આવતી ફ્લાય એશ વાસ્તવમાં રસ્તાના નિર્માણ, સિમેન્ટ ઉત્પાદન અને ઈંટના ઉત્પાદન માટે એક મૂલ્યવાન સંસાધન છે. ફ્લાય એશનું વ્યાપક પરિવહન અને ઉપયોગ પ્રદૂષણ ઘટાડવામાં મદદ કરશે, ઔદ્યોગિક કચરાના રિસાયક્લિંગને પ્રોત્સાહન આપશે અને ઈંટ અને સિમેન્ટ જેવી બાંધકામ સામગ્રીનો ખર્ચ ઘટાડશે. તેનો ઉપયોગ વિવિધ બાંધકામ પ્રવૃત્તિઓમાં પણ થઈ શકે છે, જે ટકાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને ટેકો આપે છે.

સિમેન્ટ પરિવહનમાં સુધારા, નવીન કન્ટેનર વેગનના રોલઆઉટ સાથે મળીને, ભારતીય રેલવેમાં વધુ કાર્યક્ષમ, ખર્ચ-અસરકારક અને સ્કેલેબલ ફ્રેટ લોજિસ્ટિક્સ તરફ એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે. આ ગતિના આધારે, ફ્લાય એશ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી "વેસ્ટ ટુ વેલ્થ" અભિગમને વધુ મજબૂત બનાવવાની અપેક્ષા છે, જ્યારે મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં ટકાઉ ફ્રેઈટ મૂવમેન્ટનો વિસ્તાર થશે.

# ગોધરામાં જૂના મકાનની દીવાલ ધરાશાયી થતા પિતા અને ૪ વર્ષના પુત્રનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)પંચમહાલ

પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરાના ચીઠીયાવાડ વિસ્તારમાં આજે એક હૃદયદ્રાવક દુર્ઘટના ઘટી છે. એક જૂના મકાનને ઉતારવાની કામગીરી ચાલી રહી હતી તે દરમિયાન અચાનક મકાનની એક દીવાલ ધડાકાભેર ધરાશાયી થઈ હતી. આ દુર્ઘટનામાં પિતા અને તેમનો ૪ વર્ષનો માસૂમ પુત્ર દીવાલ નીચે દબાઈ ગયા હતા, જેના કારણે બંનેના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે.

મળતી વિગતો મુજબ, ચીઠીયાવાડ વિસ્તારમાં આવેલા એક વર્ષો જૂના જર્જરિત મકાનને તોડીને ઉતારવાનું કામ કરવામાં આવી રહ્યું હતું. આ સમયે પિતા અને પુત્ર મકાનની નજીક હાજર હતા. કામગીરી દરમિયાન અચાનક એક મસમોટી દીવાલ પત્તાના મહેલની જેમ તૂટી પડી હતી. આસપાસના લોકોએ તુરંત જ બચાવ કામગીરી શરૂ કરી દીવાલ નીચે દબાયેલા પિતા-પુત્રને બહાર કાઢવાના પ્રયાસો હાથ ધર્યા હતા. જોકે, કાટમાળ નીચે ગંભીર ઈજાઓ થવાને કારણે બચાવ ટુકડી તેમને બહાર કાઢે તે પહેલા જ બંનેએ જીવ ગુમાવ્યો હતો.આ ઘટનાની જાણ થતા જ ચીઠીયાવાડ વિસ્તારના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. એકસાથે પિતા અને પુત્રના મોતથી સમગ્ર પંથકમાં અને ખાસ કરીને સ્વજનોમાં ભારે રોકકળ અને માતમનો માહોલ છવાઈ ગયો છે.

# નેશનલ પરિવહન પોર્ટલના સર્વર અપગ્રેડેશનને કારણે ઓનલાઈન સેવાઓમાં સર્જાયેલ ટેકનિકલ અવરોધ અંગે સહકાર આપવા નાગરિકોને અપીલ

કેન્દ્ર સરકારના 'પરિવહન' (Parivahan) પોર્ટલના સર્વરમાં છેલ્લા ૨-૩ દિવસથી ટેકનિકલ ખામી સર્જાવાને કારણે દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સહિત ગુજરાતમાં પણ પરિવહન સેવાઓ આંશિક રીતે પ્રભાવિત થઈ છે. નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC) દ્વારા સિસ્ટમની કાર્યક્ષમતા વધારવા માટે ક્લાઉડ સર્વરને નવા પ્લેટફોર્મ પર અપગ્રેડ અને સ્થળાંતર કરવાની રાષ્ટ્રીય કક્ષાની કામગીરી ચાલી રહી હોવાથી આ સ્થિતિ સર્જાઈ છે.

સર્વર અપગ્રેડેશનની પ્રક્રિયા દરમિયાન ટેકનિકલ સમસ્યાઓ ઉભી થતા રાજ્યભરની આરટીઓ (RTO) કચેરીઓમાં વાહન નોંધણી, ટેક્સ ભરપાઈ અને અન્ય ઓનલાઈન સેવાઓ મેળવવામાં નાગરિકો તેમજ ડીલરોને મુશ્કેલી પડી રહી છે.

NIC અને સંબંધિત ટેકનિકલ ટીમો દ્વારા આ સમસ્યાના ઝડપી નિરાકરણ માટે યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે. ટૂંક સમયમાં જ તમામ સેવાઓ પુનઃસ્થાપિત કરવામાં આવશે તેમ વાહન વ્યવહાર કમિશનરની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવાયું છે કે, રાજ્યની તમામ RTO કચેરીઓને સૂચના આપવામાં આવી છે કે જે અરજદારોની એપોઈન્ટમેન્ટ અગાઉથી બુક થયેલ છે, તેમને જરૂરિયાત મુજબ રી-શેડ્યૂલ કરી આપવામાં આવે અને નાગરિકોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવે. ટેકનિકલ કારણોસર સર્જાયેલી આ અસુવિધા બદલ વિભાગ દ્વારા ખેદ વ્યક્ત કરવામાં આવ્યો છે અને નાગરિકોને સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે.

પેટ્રોલ-ડીઝલના વધુ જથ્થાની સાઉથ ગુજરાત પેટ્રોલિયમ ડીલર્સ એસો.ની માંગણી વચ્ચે

# સુરતના ઘણા ખરા પેટ્રોલ પંપો પેટ્રોલ-ડીઝલની અછતને કારણે થયા બંધ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત શહેર અને જિલ્લામાં પેટ્રોલ-ડીઝલની અછતને પગલે સરકારી ઓઈલ કંપનીઓના અડધો-અડધ પેટ્રોલ પંપો બંધ થઈ જતા ફરી પેટ્રોલ પંપો ઉપર વાહનોની લાઈનો લાગતા ગ્રાહકોની ભીડ જોવા મળી રહી છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને સાઉથ ગુજરાત પેટ્રોલિયમ ડીલર્સ એસોસિએશન દ્વારા સુરત જિલ્લા પુરવઠા અધિકારીને રજૂઆત કરાતા સુરત કલેક્ટરે પેટ્રોલિયમ કંપનીઓના અધિકારીઓને બોલાવી સમગ્ર બાબતથી જાણકાર થઈને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આમ પણ નાયરા જેવી ખાનગી પેટ્રોલિયમ કંપનીઓના પેટ્રોલના ભાવમાં લીટરે રૂપિયા પાંચ અને ડીઝલમાં રૂપિયા ત્રણના વધારાને કારણે ગ્રાહકોના ખિસ્સા પર પડતા ભારને લઈને ગ્રાહકો ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના સરકારી પેટ્રોલ પંપો પર ગ્રાહકોની ભીડ વધુ રહેતી હતી અને સરકારી પેટ્રોલ પંપ પર પેટ્રોલ-ડીઝલની માંગ માં વધારો થયો હતો.

એને કારણે છેલ્લા ત્રણેક દિવસ ઉપરાંત થી સરકારી પેટ્રોલ પંપો ને પૂરતા પ્રમાણમાં પેટ્રોલ-ડીઝલ નહીં મળતા સુરત શહેર જિલ્લાના અડધા ઉપરાંત પેટ્રોલ પંપો બંધ કરવામાં આવતા અન્ય પેટ્રોલ પંપો પર ગ્રાહકોની ભીડ દેખાઈ રહી છે.

આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈને પુરવઠા અધિકારી દ્વારા દરેક મામલતદારો પાસેથી જે તે વિસ્તારના પેટ્રોલ પંપના માલના સ્ટોક પત્રક અંગેની વિગતોનો રિપોર્ટ પણ માંગવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

# NEET જેવી રાષ્ટ્રીય પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓ રોકવામાં સરકાર સદંતર નિષ્ફળ કેમ?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશભરના લાખો વિદ્યાર્થીઓ દર વર્ષે ભાવિ સપનાઓ સાથે એન્જીનિયરીંગ અને મેડિકલ પ્રવેશ પરીક્ષાઓની તૈયારી માટે અથાક મહેનત કરે છે. પરંતુ જ્યારે આવી મહત્વની પરીક્ષાઓમા ગેરરીતિના અહેવાલો સામે આવે છે અથવા પેપર લીકને કારણે પરીક્ષાઓ રદ કરવામાં આવે છે ત્યારે તેમની આશાઓ પર પાણી ફરી વળે છે.

આ વર્ષે ફરી એકવાર મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET-UG 2026 અંગે પેપર લીકના ગંભીર આરોપો સામે આવતા નેશનલ ટેસ્ટીંગ એજન્સી (NTA) ને ૩ મે ના રોજ યોજાયેલી પરીક્ષા રદ કરવા માટે ફરજ પડી છે. વધુમાં આ બાબતની તપાસ CBIને સોંપવામાં આવી છે.

અહી પ્રશ્ન એ થાય છે કે આવી અત્યંત મહત્વની પ્રવેશ પરીક્ષાઓમા વારંવાર ગેરરીતિઓના કિસ્સાઓ કેમ સામે આવે છે? NTA (નેશનલ ટેસ્ટીંગ એજન્સી) દાવો કરે છે કે, પ્રશ્નપત્રો તૈયાર કરવાથી લઈને સંબંધિત પરીક્ષા કેન્દ્રો પર તેમના ડિલિવરી સુધી સંપૂર્ણ ગુપ્તતા જાળવવામાં આવે છે. અને તમામ જરૂરી સુરક્ષા પ્રોટોકોલનું કડક પાલન કરવામાં આવે છે. આ જોતા પરીક્ષા શરૂ થાય તે પહેલા જ પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓના ચોક્કસ જુથ સુધી કેવી રીતે પહોંચે છે? આવી બાબતો શું દર્શાવે છે? આખરે NTA (નેશનલ ટેસ્ટીંગ એજન્સી) અને તપાસ એજન્સીઓ આ વાતનું મૂળ કારણ કે ચોક્કસ છટકબારી ઓળખવામાં અસમર્થ કેમ છે? કે જે અનિયમિતતાના આ વારંવારના દુષ્ચક્રને ચાલુ રહેવા દે છે?

દેખીતી રીતે, પરીક્ષાનું સંચાલન કરવા માટે જવાબદાર સંસ્થા અન્ય સંકળાયેલ સંગઠનો અને "પેપર લીક માફિયા" વચ્ચેની સાંઠગાંઠ વિના આવી ઘટનાઓ શક્ય નથી. સરકારે આ પરીક્ષાઓની તૈયારીમાં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતી ભારે મહેનતને ગંભીરતાથી ધ્યાનમાં લેવી જોઈએ.

ખરેખર ઘણા પરિવારો મોંઘા કોચિંગ માટે તેમની જમીન કે ઘરેણા ગીરવે મુકવા સુધી જાય છે જ્યારે ઘણા વિદ્યાર્થીઓ બેક્ક લોન લે છે.તેથી પ્રવેશ પરીક્ષાઓમાં થતી ગેરેરીતિઓ અને અનિયમિતતાઓને રોકવા માટે કડક પગલાં અમલમાં મૂકવા ખૂબ જ જરૂરી છે જેથી આ વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમ માં ન પડે.

૩૦ લાખ રૂપિયામાં NEET-UGનું પેપર ખરીદનારા રાજસ્થાનના બે ભાઈઓ ઝડપાયા. દીકરા માટે ગુરુગ્રામના ડોક્ટર સાથે ડીલ કરી હતી. NEET-UG ના પેપર લીક કેસમાં રાજસ્થાનથી બે ભાઈઓની ધરપકડ થઈ છે. બંને ભાઈઓએ પરીક્ષા પહેલા ગુરુગ્રામના એક ડોક્ટર પાસેથી પેપર મેળવ્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસે આપેલી માહિતી મુજબ રાજસ્થાનના જામવા રામગઢમાં રહેતા માંગીલાલ અને દિનેશ બિવાલે પરીક્ષા પહેલા ૨૬ એપ્રિલે ૩૦ લાખ રૂપિયા આપીને પેપર ખરીધ્યું હતું. એમાંના એક ભાઈએ આ પેપર રાજસ્થાનના જ સીકરમાં મેડિકલ પરીક્ષાની તૈયારી કરી રહેલા તેના પુત્રને આપ્યું હતું.

૨૯ તારીખે આ પેપર બીજા સ્ટુડન્ટને પણ વેચવામાં આવ્યું હતું અને ત્યાર પછી આ પેપર બધે જ ફેલાઈ ગયું હતું. આમાંથી એક ભાઈનું રાજકીય કનેક્શન હોવાનું પણ બહાર આવ્યું છે એ ડોક્ટર કોણ છે? રહસ્ય અકબંધ છે.

સાયન્સના વિષય સાથે ધોરણ ૧૨ ની પરીક્ષા પાસ કરે અને NEETની પરીક્ષા સારા માર્કસ થી પાસ કરે તેવા જ વિદ્યાર્થીઓને MBBS મેડિકલમાં પ્રવેશ મળે છે. અને આ મેડિકલમાં પ્રવેશ મેળવવા માટે NEET માં ઘાલમેલ ભ્રષ્ટાચાર ચાલુ થયેલ છે. અને શોર્ટકટમાં મેડિકલમાં પ્રવેશ મેળવવા માટે કેટલાક વાલીઓ તેમના બાળકોને ડોક્ટર બનાવવા માટે લાખો રૂપિયા ખર્ચીને NEET ના પેપર ખરીદતા હોય છે. વિદ્યાર્થીઓ ૧૦૦ ટકા નિર્દોષ હોય છે પરંતુ તેઓના વાલીઓ અને મા-બાપ પોતાના બાળકોને ડોક્ટર બનાવવા માટે આવા ગેરકાયદેસરના કૃત્ય તરફ વળે છે. જ્યાંથી આ ભ્રષ્ટાચાર શરૂ થાય છે.

જે સામાન્ય વિષયો સાથે ધોરણ-૧૨ ની પરીક્ષાઓ લેવાય છે એજ વિષયો NEETની પરીક્ષામાં હોય છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે જો NEET વગર ધોરણ-૧૨ ની પરીક્ષા ના રિઝલ્ટ ના આધારે MBBS અને મેડિકલમાં પ્રવેશ આપવામાં આવે તો ફેર શું પડે? ધોરણ-૧૨ માં સારા માર્કસ હોય તો NEETમાં સારા માર્ક આવી શકે પરંતુ જેઓને ધોરણ-૧૨ સાયન્સમાં ઓછા માર્કસ હોય પરંતુ મેડિકલમાં જવું હોય તો NEET જેવી ભ્રષ્ટાચારી પરીક્ષાની જરૂર રહે. NEETની પરીક્ષા પહેલા જે ડોક્ટરો એ પ્રવેશ લઈ ડોકટરો બનેલ છે શું તેઓ હોંશિયાર ન હતા?

# આદિવાસી હસ્તકલા અને પરંપરાગત ઉત્પાદનોના ૨૫ સ્ટોલ્સ પર પાંચ દિવસમાં રૂ.૫ લાખથી વધુનું વેચાણ






ગુજરાતના સ્થાપના દિવસના પાવન અવસરે સુરત ખાતે આયોજિત 'વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ'-VGRC અને 'વાયબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન'-VGREના માધ્યમથી રાજ્યની વિકાસયાત્રાને નવી ઊંચાઈ મળી છે. આ એક્ઝિબિશનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવેલા રાજ્યના 'ટ્રાયબલ હેરિટેજ' એટલે કે પરંપરાગત આદિવાસી હસ્તકલા-કૃતિ, આહાર, વનૌષધિય વેચાણ અને પ્રદર્શનને વિશેષ મહત્વ આપવામાં આવ્યું હતું. તા. ૧ થી ૫ મે, ૨૦૨૬ દરમિયાન યોજાયેલા આ પ્રદર્શનમાં આદિવાસી હસ્તકલા અને પરંપરાગત ઉત્પાદનોના ૨૫ સ્ટોલ્સ પર પાંચ દિવસમાં રૂ. ૫.૩૧ લાખથી વધુનું વેચાણ કરવામાં આવ્યું હતું, જેની આવક આદિવાસી હસ્તકલાકરોને કોઈપણ પ્રકારના ખર્ચ વિના સીધી પ્રાપ્ત થઈ હતી. આ સ્ટોલમાં વિવિધ જિલ્લાઓમાંથી આવેલા કુશળ આદિવાસી હસ્તકલાકારો દ્વારા બનાવવામાં આવેલા બાંબુ હસ્તકલા, લાકડાના આર્ટિફેક્ટ્સ, પરંપરાગત આભૂષણો, હેન્ડલૂમ વસ્ત્રો, શુદ્ધ વનૌષધિઓ અને પ્રાકૃતિક ખાદ્ય વાનગીઓ મુખ્ય આકર્ષણ રહ્યા હતા. આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલના નેતૃત્વમાં આદિજાતિ વિભાગ દ્વારા વિવિધ આદિવાસી વિસ્તારોના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક વૈવિધ્યને ઉજાગર કરવાના હેતુસર આ સ્ટોલ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એક્ઝિબિશનમાં આદિવાસી સમુદાયોની પરંપરાગત કળા, હસ્તકલા, વસ્ત્રો, વનૌષધિ, પ્રાકૃતિક ખાદ્ય વાનગીઓ, જીવનશૈલી અને સાંસ્કૃતિક પરંપરાઓનું જીવંત પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અહી કુલ ૩૮ આદિવાસી હસ્તકલાકારોને પણ સહભાગી થવાની તક મળી હતી. વધુમાં, આદિવાસી હસ્તકલાકારોને ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રે પ્રોત્સાહિત કરવાના હેતુસર તેઓને ઘરેથી આવવા-જવાનો વાહનખર્ચ તેમજ પ્રદર્શનના સ્થળે રહેવા-જમવાનો તમામ ખર્ચ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો હતો. આ સ્ટોલ્સમાં મુખ્યમંત્રીશ્રી ઉપરાંત કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, રાજ્ય મંત્રી ડૉ. જયરામ ગામીત તેમજ વિવિધ દેશોના ડેલિગેટ્સ સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહીને આદિવાસી હસ્તકલાકારોનો ઉત્સાહ વધાર્યો હતો. VGRCમાં પેનલ ડિસ્કશનમાં ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટીના કાર્યપાલક નિયામક ડૉ. સી.સી. ચૌધરી દ્વારા 'આદિવાસી અને ગ્રામીણ વિસ્તારોમાં પ્રવાસનને પ્રોત્સાહન' વિષય પર તજજ્ઞ તરીકે રસપ્રદ અને ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આમ, વાઈબ્રન્ટ ગુજરાત માત્ર ઉદ્યોગો માટે જ નહીં, પરંતુ રાજ્યના મૂળભૂત સાંસ્કૃતિક વારસા અને આદિવાસી ભાઈ-બહેનોના આર્થિક ઉત્થાન માટે પણ એક મજબૂત પ્લેટફોર્મ સાબિત થયું છે. - જીગર બારોટ

# પ્રાંતિજ તાલુકાના સલાલ પાસે આવેલી જાણીતી તિરૂપતિ હોટલમાં ભીષણ આગ લાગી

(સંપૂર્ણ સમાચાર સેવા)સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ પાસે આવેલી જાણીતી તિરૂપતિ હોટલમાં આજે અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર પંથકમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં તે આખા કોમ્પ્લેક્સમાં પ્રસરી ગઈ હતી, જેના કારણે ભારે નુકસાન થયું હોવાની ભીતિ સેવાઈ રહી છે. પ્રાંતિજના સલાલ સ્થિત તિરૂપતિ હોટલ અને કોમ્પ્લેક્સના નીચેના ભાગમાં લાગેલી આગ જોતજોતામાં ઉપરના માળે પણ પહોંચી ગઈ હતી. ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા. આગ લાગતા જ હોટલમાં હાજર લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. જોકે, આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.ઘટનાની જાણ થતા જ પ્રાંતિજ અને હિંમતનગર ફાયર વિભાગની ટીમો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી, અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. આ સાથે જ પ્રાંતિજ પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને લોકોના ટોળાને દૂર કરી તપાસ હાથ ધરી હતી.

આગની લપેટ એટલી ભયંકર હતી કે, કોમ્પ્લેક્સની બહાર પાર્ક કરેલા વાહનો પણ તેની ઝપેટમાં આવી ગયા હતા. આગમાં અનેક વાહનો બળીને ભડથું થઈ ગયા છે. સદનસીબે હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી, પરંતુ મિલકતને મોટું નુકસાન થયું છે.

# શ્રમિક કલ્યાણ અને સ્વાસ્થ્ય સુરક્ષા રાજ્ય સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતાઃ શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા

## ESIC દ્વારા ૪૦ વર્ષથી વધુ વયના શ્રમિકો માટે દેશવ્યાપી નિઃશુલ્ક વાર્ષિક આરોગ્ય તપાસઃ મંત્રીશ્રી

કર્મચારી રાજ્ય વીમા નિગમની ૯૩મી પ્રાદેશિક પરિષદ બેઠક શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા અને રાજ્ય મંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયાની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં કર્મચારી રાજ્ય વીમા યોજનાના અસરકારક અમલીકરણ, વીમિત વ્યક્તિઓને ઉપલબ્ધ આરોગ્ય સેવાઓની સમીક્ષા તેમજ વિવિધ વહીવટી અને આરોગ્ય સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ કર્મચારી રાજ્ય વીમા નિગમ બોર્ડ-ESICની બેઠકમાં સંબોધન કરતા જણાવ્યું હતું કે, કોઈપણ પ્રદેશના વિકાસનો આધાર ત્યાંના ઉદ્યોગ-ધંધા અને નવી રોજગારીની તકો પર રહેલો છે. રાજ્યના વિકાસના પાયામાં રહેલા શ્રમજીવીઓને પૂરતી આરોગ્ય વિષયક સગવડો, તબીબી સુવિધા અને સામાજિક સુરક્ષા આપવી તે રાજ્ય સરકારની પ્રાથમિકતા છે.

મંત્રીશ્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ જ્યારે વિકાસની હરણફાળ ભરી રહ્યો છે, ત્યારે ગુજરાત પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ શ્રમિક કલ્યાણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહ્યું છે. શ્રમિકોને સામાજિક સુરક્ષા, આરોગ્ય સુરક્ષા અને આર્થિક સશક્તીકરણ પૂરું પાડવા માટે અનેક લોકકલ્યાણકારી યોજનાઓ અમલી બનાવાઈ છે.

તેમણે ઉમેર્યું હતું કે ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા અમલમાં મુકાયેલા નવા લેબર કોડ અને સામાજિક સુરક્ષા સંહિતા દ્વારા સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને એકીકૃત સુરક્ષા વ્યવસ્થાનો લાભ મળશે. 'ઈ-શ્રમ' (e-Shram) પોર્ટલ જેવી ડિજિટલ પહેલ દ્વારા શ્રમિકોની નોંધણી અને તેમને મળતા લાભો વધુ સરળ અને પારદર્શક બન્યા છે.

ESIC દ્વારા ૭ મે, ૨૦૨૬થી શરૂ થયેલા વાર્ષિક આરોગ્ય તપાસ અંગે માહિતી આપતા મંત્રીશ્રીએ કહ્યું કે આ કાર્યક્રમ અંતર્ગત ૪૦ વર્ષ કે તેથી વધુ વયના વીમિત શ્રમિકો દર વર્ષે નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કરાવી શકશે. આનાથી ગંભીર રોગોની વહેલી ઓળખ અને સમયસર સારવાર શક્ય બનશે.

અમદાવાદના બાપુનગર ખાતે 'મોડેલ હોસ્પિટલ'નો શુભારંભ કરવામાં આવ્યો છે, જે શ્રમિકોના આરોગ્ય માટે એક મહત્વપૂર્ણ ડગલું સાબિત થશે. પેન્શન, વીમો અને માતૃત્વ સહાય જેવા લાભો પણ હવે વધુ સુલભ બનાવવામાં આવ્યા છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

બેઠક દરમિયાન રાજ્યમાં ESI યોજના હેઠળ આરોગ્ય સેવાઓની ગુણવત્તામાં સુધારો, વીમિત વ્યક્તિઓને વધુ સારી અને સમયબદ્ધ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવી, હોસ્પિટલો અને ડિસ્પેન્સરીઓમાં આધુનિક તબીબી સાધનોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી તથા વિવિધ તબીબી અને વહીવટી ખાલી જગ્યાઓ ઝડપથી ભરવા જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

અધ્યક્ષશ્રીએ બેઠકમાં અધિકારીઓને સૂચના આપી કે વીમિત વ્યક્તિઓ અને તેમના આશ્રિતોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે તમામ જરૂરી પગલાં પ્રાથમિકતા આધારે લેવામાં આવે. તેમણે વધુમાં જણાવ્યું કે ESICનો હેતુ માત્ર સારવાર ઉપલબ્ધ કરાવવાનો જ નથી, પરંતુ શ્રમિકો અને તેમના પરિવારોને વધુ સારી સામાજિક સુરક્ષા અને આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવાનો છે. તેમણે અધિકારીઓને નવા શ્રમ સંહિતાઓ (Labour Codes) હેઠળ સેવાઓ અસરકારક રીતે પૂરી પાડવા તેમજ વધુમાં વધુ શ્રમિકોને યોજનાઓનો લાભ સમયસર ઉપલબ્ધ કરાવવા માટે પણ સૂચના આપી. બેઠક દરમિયાન વિવિધ બાંધકામ હેઠળની યોજનાઓ, આરોગ્ય સંસ્થાઓના આધારભૂત માળખાના મજબૂતીકરણ તથા ડિજિટલ સેવાઓના વિસ્તરણ અંગે પણ ચર્ચા કરવામાં આવી. સાથે જ વીમિત વ્યક્તિઓ સુધી યોજનાઓની માહિતી વધુ અસરકારક રીતે પહોંચાડવા અને લાભો અંગે જાગૃતિ વધારવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. આ બેઠકમાં શ્રમ વિભાગના સચિવ શ્રી લોચન સેહરા, શ્રમ આયુક્ત શ્રી કમલેશ ડી. લાખાણી, કેન્દ્ર સરકારના કર્મચારી રાજ્ય વીમા નિગમના વીમા આયુક્ત શ્રી રામજી લાલ મીણા (પશ્ચિમ ક્ષેત્ર), તબીબી આયુક્ત શ્રીમતી દીપિકા ગોવિલ (પશ્ચિમ ક્ષેત્ર), પ્રાદેશિક નિયામક, ડૉ. વિજય ધાણક, રાજ્ય તબીબી અધિકારી તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓએ બેઠકમાં ભાગ લીધો. આ ઉપરાંત નિયોક્તા સંસ્થાઓ અને કર્મચારી પ્રતિનિધિઓએ પણ સક્રિય રીતે ભાગ લઈ વિવિધ મુદ્દાઓ પર પોતાના સૂચનો અને વિચારો રજૂ કર્યા હતા. - ઋચા રાવલ

પ્રધાનમંત્રીશ્રીના 'આર્થિક આત્મરક્ષા'ના મંત્રને ચરિતાર્થ કરતા રાજ્યપાલશ્રીએ રાજ્યમાં હવાઈ યાત્રા બંધ કરી; કાફલામાં ગાડીઓની સંખ્યા ઘટાડી

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કુરુક્ષેત્ર રેલવે સ્ટેશનથી ગુરુકુળ સુધી સાયકલ ચલાવી ઈંધણ બચાવવાનો પ્રેરણાદાયી સંદેશ આપ્યો

## સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી કરી દેશના અર્થતંત્રને મજબૂત બનાવવા અને ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા રાજ્યપાલશ્રીનું નાગરિકોને આહવાન






રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું છે કે, દેશના અર્થતંત્ર અને મુદ્રા સ્થિતિને મજબૂત બનાવવા માટે દરેક નાગરિકે સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી કરી ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં પોતાનું યોગદાન આપવું જોઈએ. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત'ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે આ અત્યંત આવશ્યક છે. રાજ્યપાલશ્રીએ નાગરિકોને પ્રધાનમંત્રીશ્રીના ઈંધણના વપરાશમાં કાપ મૂકવાના આહવાનને સ્વીકારવા ભાવભરી અપીલ કરી હતી.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ઈંધણ બચાવવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા ગુજરાતથી કુરુક્ષેત્ર સુધી ટ્રેનમાં મુસાફરી કરી હતી અને આજે સવારે ૯:૩૦ કલાકે શતાબ્દી એક્સપ્રેસ દ્વારા કુરુક્ષેત્ર રેલવે સ્ટેશન પહોંચ્યા હતા. રેલવે સ્ટેશન પર નાગરિકો અને ગુરુકુળ પરિવાર દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, રાજ્યપાલશ્રી રેલવે સ્ટેશનથી રેલવે રોડ, આર્ય સમાજ માર્કેટ, પૅનોરમા ચોક અને બિરલા મંદિર થઈને કુરુક્ષેત્ર યુનિવર્સિટી માર્ગે સાયકલ ચલાવીને ગુરુકુળ પહોંચ્યા હતા. આ સાયકલ યાત્રામાં તેમની સાથે ઓ.એસ.ડી. ડૉ. રાજેન્દ્ર વિદ્યાલંકાર, ગૌરવ આર્ય સહિત SAIના ખેલાડીઓ અને આશરે ૨૦૦ જેટલા સાયકલિસ્ટ જોડાયા હતા.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના આહવાન પર દેશમાં ઈંધણની સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી તેમણે રાજ્યમાં આયોજિત કાર્યક્રમો માટે હવાઈ મુસાફરી અને હેલિકોપ્ટરનો ઉપયોગ સદંતર બંધ કર્યો છે. એટલું જ નહીં, તેમણે પોતાના કાફલાને સીમિત કરી દીધો છે. તેમણે વિદ્યાર્થીઓને અપીલ કરી હતી કે ઈંધણ બચાવવાનો આ સંદેશ ઘર-ઘર સુધી પહોંચાડે, જેથી દેશ ફરીથી વિકાસની રાહ પર ઝડપથી આગળ વધી શકે.

રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાતની તમામ સ્ટેટ યુનિવર્સિટીઓને પત્ર લખીને અઠવાડિયામાં એક દિવસ 'નો વ્હીકલ ડે' ઉજવવા અને જાહેર પરિવહન, સાયકલ કે ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરવા સૂચના આપી છે. તેમણે નાગરિકોને પણ તેલ સંકટ સામે લડવા અને મહત્તમ બચત કરવા અનુરોધ કર્યો હતો. ગ્રામ કલ્યાણ કાર્યક્રમનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, ગુજરાતમાં દર અઠવાડિયે તેઓ એક ગામની મુલાકાત લે છે અને ગામની સરકારી શાળામાં જ રાત્રિ રોકાણ કરે છે. આ દરમિયાન ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી અપનાવવા, વ્યસનમુક્તિ, વૃક્ષારોપણ, સ્વચ્છતા અને સંસ્કારયુક્ત શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

તેમણે ઉમેર્યું કે, કુરુક્ષેત્ર ગુરુકુળમાં છેલ્લા ૧૦ વર્ષથી ૨૦૦ એકરમાં સફળતાપૂર્વક પ્રાકૃતિક ખેતી થઈ રહી છે. આ જ મોડેલને ગુજરાતમાં અભિયાન બનાવતા આજે ૮.૫૦ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. પ્રાકૃતિક ખેતી કરતા અનેક ખેડૂતો એક એકર દીઠ વાર્ષિક ૫ થી ૮ લાખ રૂપિયાની બચત કરી રહ્યા છે.

આ ઉપરાંત જમીનની ફળદ્રુપતા પણ વધી છે. આ પ્રસંગે લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજી, ઓ.એસ.ડી. ડૉ. વિદ્યાલંકાર, ગૌરવ આર્ય, કવિતા ચૌધરી, યોગવીર લાંબા, રામનિવાસ, સમાજસેવી ડૉ. સંપૂર્ણ સિંહ, સંજીવ આર્ય અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ગુરુકુળના વિદ્યાર્થીઓએ 'ભારત માતા કી જય' ના નાદ સાથે રાજ્યપાલશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

ભાંડો ફૂટતાં યુવતીને બંધક બનાવી

# વલસાડમાં વિધર્મીએ યુવતીને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યું

## પોલીસ આ મામલે કાર્યવાહી કરતી ન હોવાથી હિન્દુ સંગઠનોએ ધરણા યોજ્યા હતા જે બાદ પોલીસે આરોપીની અટકાયત કરી ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વલસાડ

વલસાડ શહેરમાં લવ જેહાદનો કિસ્સો સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. એક વિધર્મી યુવકે પોતાની ઓળખ છુપાવી સોશિયલ મીડિયાના માધ્યમથી હિન્દુ યુવતીને પોતાના પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યું હતું. જે અંગે પોલીસને જાણ થતાં આરોપીએ યુવતીને બંધક બનાવી હોવાનો આક્ષેપ છે.

પોલીસ આ મામલે કાર્યવાહી કરતી ન હોવાથી હિન્દુ સંગઠનોએ ધરણા યોજ્યા હતા. જે બાદ પોલીસે આરોપીની અટકાયત કરી ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

વલસાડના અરબાઝ ઉર્ફે અબુ નામના એક વિધર્મી યુવકે સોશિયલ મીડિયા પર જીયા નાયકા નામનું એક ફેક આઈડી બનાવી અને પીડિતા સાથે મિત્રતા કરી તેને પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યાર બાદ પોતાનું સાચું નામ અંકિત ધોડિયા પટેલ હોવાનું જણાવી અને યુવતીને લગ્નની લાલચ આપી અનેક વખત દુષ્કર્મ આચર્યું હતું. જોકે, ત્યારબાદ ભાંડો ફૂટતા જ અરબાઝે યુવતી પાસેથી મોબાઈલ લઈ પોતાના ઘરમાં બંધક બનાવી હતી. જોકે, યેનકેન પ્રકારે યુવતી છૂટી અને પોતાના ઘરે પહોંચી હતી અને પરિવારજનોને પણ સમગ્ર હકીકત જણાવી હતી.

સમગ્ર મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચતા ચકચાર મચી ગઈ હતી. થોડા સમય અગાઉ યુવતી અને તેના પરિવારજનોએ પોલીસને આ અંગે જાણ કરી હતી, પરંતુ પોલીસે કોઈ કાર્યવાહી નહીં કરતા આખરે યુવતીએ વલસાડ રૂરલ પોલીસ સ્ટેશન પહોંચી અને આ મામલે કેસ દાખલ કરવાની માગ કરી હતી. શરૂઆતમાં પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી નહીં કરતા આખરે હિન્દુ સંગઠનોના કાર્યકર્તાઓને જાણ થતાં જ મોટી સંખ્યામાં હિન્દુ સંગઠનના કાર્યકર્તાઓ વલસાડ રૂરલ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને આરોપી યુવક અને તેના પરિવારજનો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવાની માગ કરી હતી.

હિન્દુ સંગઠનના કાર્યકર્તાઓની વાતને પણ પોલીસે કોઈ દાદ નહીં આપતા આખરે રોષે ભરાયેલા હિન્દુ સંગઠનના કાર્યકર્તાઓ યુવતીના સમર્થનમાં પોલીસ સ્ટેશનની સામે ધરણા પર બેસી ગયા હતા. જેથી માહોલ ગરમાયો હતો. આખરે પોલીસે વિધર્મી યુવક અરબાઝ ઉર્ફે અબુની ધરપકડ કરી તેની મેડિકલ તપાસ કરાવવા સાથે તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અરબાઝે અગાઉ પણ અનેક યુવતીઓને ફસાવી હોવાના આક્ષેપો સાથે હિન્દુ સંગઠનના કાર્યકર્તાઓએ પોલીસને આ અંગે તપાસ કરવા રજૂઆત કરી હતી. પોલીસે પણ હવે લોકોને અપીલ કરી છે કે, કોઈ યુવતી જો આ અરબાઝના દગાબાજીનો ભોગ બની હોય તો તાત્કાલિક પોલીસ સ્ટેશને જાણ કરવી.મહત્વપૂર્ણ છે કે, વલસાડ જિલ્લામાં લવ જેહાદનો આ પ્રથમ કિસ્સો નથી. આ અગાઉ પણ અનેક વખત વિધર્મી યુવકોએ પોતાની સાચી ઓળખ છુપાવી હિન્દુ નામ ધારણ કરી હિન્દુ યુવતીઓને પ્રેમજાળમાં ફસાવી છે. તેમની સાથે દુષ્કર્મ આચરવાના કે લગ્ન કરી લેવાના બનાવો સામે આવી ચૂક્યા છે. ત્યારે વધુ એક કિસ્સો બહાર આવતા લોકોમાં રોષ છે અને યુવક વિરુદ્ધ કડક અને દાખલારૂપ કાર્યવાહી થાય તેવી લોકો માગ કરી રહ્યા છે.